પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૫/૧૧/૨૦૨૬, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૨ આસો વદ-૧૧ વર્ષ : ૧૭ અંક : ૨૭૪

સુવિચાર

''સાચું દરેકને સમજાય જ છે, પણ મૂળ વાત એમ છે કે, એ સાચા સમયે નથી સમજાતું.''

:: સૌજન્ય ::

નિલકંઠ જવેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (લાઠીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

ખેડૂતોની મહેનત ઉપર કમોસમી વરસાદે પાણીટોળ કર્યું

ધારી પંથકમાં કપાસ અને મગફળીનો પાક તબાહ

પહેલા વરસાદની અછતથી પાકનો વિકાસ રૂંધાયો અને કાપણીનાં સમયે કમોસમી વરસાદે હાલત બગાડી

વરસાદી પાણીથી મગફળીનો પાલો કાળો પડવાથી પાક સંપૂર્ણ નિષ્ફળ

મોંઘુદાટ બિયારણ, ડીઝલ, મજૂરી સહિતનો થયેલ ખર્ચ પાણીમાં ગયો

નાસીપાસ થયેલ ખેડૂતોને રાજય સરકારે આર્થિક મદદ કરવી જોઈએ તેવી માંગ



અમરેલી, તા. ૪

અમરેલી જિલ્લાનાં મોટાભાગનાંખેડૂતોછેલ્લાએકદાયકાથી અનેક મુસીબતો વચ્ચે ખેતીપાક તૈયાર કરી રહ્યા છે અને કોઈને કોઈ આફત ખેડૂતો ઉપર આવી ચડે છે અને ખેડૂતોની આવક બમણી તો થતી નથી પરંતુ, આવક અર્ધી કે કયારેક આવકને બદલે નુકસાન સહન કરવાનો પણ વારો આવી રહ્યો છે.

તાજેતરમાં અમરેલી જિલ્લામાંપડેલકમોસમીવરસાદથીધારી પંથકમાં મગફળી, કપાસ અને તુવેરનાં પાકનેવ્યાપકનુકસાનથયુંહોયખેડૂતોએ ખેતીપાકોનું બેસણું કરી નાખ્યુ છે.

દિવાળીના તહેવારે ખેડૂતોના ઘરમાં ખુશીઓના દીવા પ્રગટવાના હતા, પરંતુ ધારી તાલુકાના ખેડૂતો માટે કુદરતનો કહેર દિવાળી પર જ આફત બનીને આવ્યો છે !

પહેલા વરસાદની અછતથી પાકનો વિકાસ રૂંધાયો અને હવે કાપણીના સમયે પડેલા કમોસમી વરસાદે ખેડૂતોની આશા પર પાણી ફેરવી દીધું છે.

ખાસ કરીને મગફળીના પાકમાં ભારે નુકસાનની ભીતિ છે. વરસાદી પાણીથી મગફળીનો પાલો કાળો પડવાની અને દાણા બગડવાની આશંકા છે. તો કપાસ અને તુવેરના પાકને પણ નુકસાન પહોંચ્યું છે.

એક તરફ ઓછું ઉત્પાદન

અનુસંધાન પાના ૬ ઉપર

રૂપિયા ૯.૭૫ લાખનું ધિરાણ લઈ હાથ ઊંચા કરતા

અમરેલીની સરદાર પટેલ ક્રેડીટ કોઓપરેટીવ સોસાયટીનાં બાકીદાર ઉદયભાઈ મનુભાઈ ધાનાણીને ૧ વર્ષની સજા

અમરેલી, તા. ૪

અમરેલી તાજેતરમાં સરદાર પટેલક્રેડીટ કો.ઓ.સો.લી., રૂા. ૯,૭૫,૦૦૦નું ધિરાણ લઈ છુમંતર થયેલા અમરેલીમાં રહેતા ઉદયભાઈ મનુભાઈ ધાનાણીએ મંડળીને બાકી લ્હેણાની રકમ રૂા. ૮,૫૪,૧૯૦ વસુલ આપવા ચેક આપેલ. જે ચેક પરંત

અનુસંધાન પાના ૬ ઉપર

ધારીનાં જળજીવડી ગામે ખેડૂતને મરી જવા મજબુર કરનાર પાંચ વ્યકિતઓ વિરૂધ્ધ ફરિયાદ

અમરેલી, તા. ૪

ધારી તાલુકાનાં જળજીવડી ગામે રહેતા અને ખેતી કામ કરતા કિશોરભાઈ ઠાકરશીભાઈ સાવલીયા નામના ૫૬ વર્ષિય ખેડૂતનાં ભાઈ મરણજનાર ભીમજીભાઈ ઠાકરશીભાઈ સાવલીયા (રહે. જળજીવડી)ની જળજીવડી ગામની સીમમાં આવેલ ૧૫ વિઘા જમીનમાં તે જ ગામે રહેતા આરોપીઓએ પ્રાગજીભાઈ ફીણવીયા, વશરામભાઈ ફીણવીયા, વાલજીભાઈ ફીણવીયા, ગૌતમભાઈ ફીણવીયા તથા પ્રવિણભાઈ ફીણવીયા નામના પાંચેય આરોપીઓએ દોઢ

અનુસંધાન પાના ૬ ઉપર











લાયસન્સની મંજૂરી પ્રક્રિયા શરૂ હોવા છતાં પણ વેપારીઓએ ઉતાવળ કરી

સાવરકુંડલામાં લાયસન્સ વગર ગીચ વિસ્તારોમાં ફટાકડાનું વેચાણ

પ્રાંત કચેરીમાં આવેલ અરજીઓ સત્તાવાર રીતે મંજૂર કરવામાં આવી નથી છતાં વેચાણ શરૂ

ફાયર સેફટી સહિતનાં નિયમોનું પાલન થાય છે કે કેમ તે જોયા વગર લાયસન્સ મળે નહી

જો કે સ્થાનિક તંત્રની નજર સામે ફટાકડાનું વેચાણ છતાં કોઈ કાર્યવાહી થતી નથી

ન કરે નારાયણ ને અકસ્માતની ઘટના બનશે તો જવાબદારી કોની રહેશે તે પ્રશ્ન ઉભો થયો



સાવરકુંડલા, તા. ૪

દીપોત્સવીના તહેવારોને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે સાવરકુંડલા શહેરમાં નાગરિકોના જીવ સાથે ખુલ્લેઆમ ખિલવાડ થઈ રહ્યો હોવાની અત્યંત ચોંકાવનારી વિગતો સામે આવી છે. જિલ્લા મેજિસ્ટ્રેટના સુરક્ષા જાહેરનામા અને ફાયર સેફટીના તમામ નિયમોને નેવે મૂકીને સમગ્ર શહેરમાં પરમિશન વગર, ગેરકાયદેસર રીતે ફટાકડાના મોટા મોટા મંડપો બાંધીને વેચાણ શરૂ કરી દેવામાં આવ્યું છે. સૌથી ગંભીર બાબત એ છે કે પ્રાંત કચેરીમાં આવેલી ૩૨ અરજીઓ હજુ પેન્ડિંગ છે અને તંત્ર દ્વારા હજુ સુધી સત્તાવાર રીતે એક પણ લાયસન્સ ઇશ્યૂ કરવામાં આવ્યું નથી, છતાં આખા શહેરમાં ફટાકડાનું ધમધમાટ વેચાણ થઈ રહ્યું છે.

શહેરના મહુવા રોડ, એમ.એલ. શેઠ હાઈસ્કૂલ સામે, મોટી હાઈસ્કૂલ નજીક, મેઈન બજાર તેમજ દેવળા ગેટ જેવા અત્યંત ગીચ વિસ્તારોમાં ફટાકડાના મોટા સ્ટોલ અને મંડપો ખડકી દેવાયા છે. શાળાઓ, હોસ્પિટલો, રહેણાંક સોસાયટીઓ અને પેટ્રોલ પંપની લગોલગ ટનબંધ જવલનશીલ ફટાકડાનો જથ્થો કોઈ પણ જાતની પરમિશન કે સુવિધા વગર રાખવામાં આવ્યો છે. એક નાનકડી ચિંગારી પણ સમગ્ર વિસ્તારમાં મોટી આગની હોનારત સર્જી શકે તેમ છે, છતાં તંત્ર સૂત્રો ગાઢ નિંદ્રામાં છે.

ગેરકાયદેસર વેચાણની સાથે સાથે વેપારીઓ દ્વારા કોઈ પણ પ્રકારના અધિકૃત ભાવપત્રક (રેટ બોર્ડ) લગાવવામાં આવ્યા નથી. નિયમ મુજબ વ્યાજબી નફા સાથે વેચાણ કરવાને બદલે મનસ્વી રીતે ઊંચા ભાવો વસૂલી સામાન્ય પ્રજાને બંને હાથે લૂંટવામાં આવી રહી છે. ગ્રાહક સુરક્ષા અને સલામતી બંને મોરચે સ્થાનિક રહીશો લાચાર બન્યા છે.

ગેરકાયદે ધમધમતા આ વેપાર પાછળ કોના આશીર્વાદ છે તેવો સવાલ લોકમુખે ચર્ચાઈ રહ્યો છે. જયારે જાગૃત નાગરિકો અને મીડિયા દ્વારા આ અંગે વહીવટી તંત્રનું ધ્યાન દોરવામાં આવ્યું ત્યારે જવાબદાર અધિકારીઓએ 'અમારી પાસે ૩૨ અરજીઓ આવી છે, પણ કોઈ લેખિત ફરિયાદ મળશે તો કાર્યવાહી કરીશું' તેવો અત્યંત ઉડાઉ અને બેજવાબદાર જવાબ આપી હાથ ખંખેરી લીધા હતા. તંત્રની આ ઢીલી નીતિથી પ્રજામાં ઉગ્ર રોષ વ્યાપ્યો છે કે શું તંત્ર કોઈ નિર્દોષ નાગરિકનો ભોગ લેવાય કે મોટી માનવસર્જિત દુર્ઘટના બને તેની રાહ જોઈ રહ્યું છે ?

દિવાળીના ઉમંગ અને ઉત્સાહ વચ્ચે કોઈ ઘરમાં માતમ ન છવાય તે માટે સાવરકુંડલા નગરપાલિકા, મામલતદાર, પ્રાંત અધિકારી અને પોલીસ તંત્ર સંયુકત રીતે તાત્કાલિક મેદાનમાં ઉતરે તે અનિવાર્ય બન્યું છે. કોઈપણ પ્રકારના રાજકીય દબાણ કે કથિત હમદર્દી રાખ્યા વગર ગેરકાયદે વેપાર કરતા તત્વો સામે કડક પગલાં ભરી, રહેણાંક વિસ્તારોમાંથી આ જોખમી મંડપો હટાવી ચોપાટી ગ્રાઉન્ડ કે ખુલ્લા મેદાન જેવા સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવે તેવી શહેરીજનોમાં પ્રબળ માંગ ઊઠી છે.

સિટી પોલીસે બાતમીનાં આધારે કરી કાર્યવાહી

અમરેલીનાં શ્રીજી–૧ રેસીડેન્સીમાં જુગાર રમતાં એક ડઝન પ્રત્તાપ્રેમીઓ ઝડપાયા

પોલીસે રૂપિયા ૧,૬૩,૪૩૦નો મુદ્દામાલ કબ્જે કર્યો

અમરેલી, તા. ૪

અમરેલી સીટી પોલીસ સ્ટેશનનાં પોલીસ ઈન્સ્પે. આર.આર. પરમારનાં માર્ગદર્શન હેઠળ અમરેલી સીટી પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમ દ્વારા ચોક્કસ બાતમી અને હકીકત આધારે અમરેલીનાં લાઠી રોડ ઉપર આવેલ ધરમનગર વિસ્તારનાં શ્રીજી–૧ રેસીડેન્સીમાં સ્ટ્રીટ લાઈટનાં અજવાળે જાહેરમાં જુગાર રમતા અમરેલીમાં રહેતા મનીષભાઈ શાંતીલાલભાઈ મહેતા, દેવ જીગ્નેશભાઈ મહેતા, ભાવેશભાઈ હસમુખરાય રાઠોડ, દિપકભાઈ



મથુરભાઈ વસાણી, દિપકભાઈ વિરજીભાઈ આંકોલીયા, જયંતીભાઈ પરબતભાઈ મકવાણા, સંજયભાઈ કાંતીભાઈ જેઠવા, રફીકભાઈ જમાલભાઈ પરમાર, હિરેનભાઈ જગુભાઈ પંડયા, પ્રદિપભાઈ બળવંતરાય બોસમીયા, કિશોરભાઈ મનુભાઈ સાવલીયા તથા કિરીટભાઈ ભોગીલાલ છાંટબાર સહિત ૧૨ ઈસમોને રોકડ રકમ ૬૦,૨૩૦ તથા મોબાઈલ ફોન ૧૨ કિંમત રૂા. ૧,૦૩,૨૦૦ મળી કુલ રૂપીયા ૧,૬૩,૪૩૦નાં મુદ્દામાલ સાથે પકડી પાડી અમરેલી સીટી પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરી હતી.

મોટી સંખ્યામાં દુકાનો, ઓફિસ હોવાથી ભરપુર ટ્રાફિક ધરાવતાં

અમરેલીમાં સિવિલ હોસ્પિટલ માર્ગ ઉપર ઉભરાતી ગટરનાં ગંધાતા પાણીથી સૌ કોઈ પરેશાન

પાલિકા વિભાગ દ્વારા ઉભરાતી ગટરનો પ્રશ્ન દૂર કરવામાં આવે તેવી માંગ



અમરેલી, તા. ૪

અમરેલી ખાતે જિલ્લા પંચાયતની પાછળથી પસાર થતાં અને સિવિલ હોસ્પિટલ તરફ જતાં માર્ગ ઉપર અવારનવાર ભૂગર્ભ ગટરનાં ગંધાતા પાણી ફરી વળતાં હોય માર્ગ નજીક દુકાનો, ઓફિસો ધરાવતાં અને અવરજવર કરતાં સૌ કોઈ પરેશાન થઈ રહ્યા છે.

આ અંગે પાલિકાનાં આરોગ્ય વિભાગ દ્વારા સ્થળ નિરીક્ષણ કરી, વેપારીઓની મુલાકાત લઈને ભૂગર્ભ ગટર કયાં કારણોસર ઉભરાઈ છે તે જાણીને તેનું નિરાકરણ કરવું જોઈએ.

અમરેલીમાં ગમખ્વાર અકસ્માત

લાઠી હાઈવે પર બાઈક-કારની જોરદાર ટક્કર, પતિનું ઘટના સ્થળે મોત

ટોડા ગામ નજીક સર્જાઈ ગમખ્વાર દુર્ઘટના, ઈશ્વરિયા ગામના પ્રેમજીભાઈ પત્ની સાથે બાઈક પર લાઠી જઈ રહ્યા હતા ત્યારે કાર સાથે અથડામણ

અમરેલી, તા. ૪

અમરેલી જિલ્લાના લાઠી-અમરેલી હાઈવે પર ટોડા ગામ નજીક બાઈક અને કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં બાઈકસવાર પતિનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું, જ્યારે તેમની સાથે બાઈક પર સવાર પત્ની ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ ઘટનાને પગલે પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે.

મળતી માહિતી મુજબ, અમરેલી જિલ્લાના ઈશ્વરિયા ગામના રહેવાસી પ્રેમજીભાઈ પોતાની પત્ની સાથે બાઈક પર કામકાજ અર્થે લાઠી તરફ જઈ રહ્યા હતા.

આ દરમિયાન લાઠી-અમરેલી હાઈવે પર ટોડા ગામ નજીક તેમની બાઈક અને એક કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો.

કાર અને બાઈક વચ્ચે થયેલી જોરદાર ટક્કરના કારણે બાઈકસવાર દંપતી રસ્તા પર પટકાયું હતું. અકસ્માતમાં પ્રેમજીભાઈને ગંભીર ઈજાઓ પહોંચતાં તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે તેમની પત્નીને પણ ગંભીર ઈજાઓ થતાં તાત્કાલિક સારવારની જરૂર પડી હતી.

અકસ્મતમાં ઈજાગ્રસ્ત થયેલાં પ્રેમજીભાઈનાં પત્નીને તાત્કાલિક ૧૦૮ની મદદથી સારવાર અર્થે અમરેલી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. ઘટનાની જાણ થતાં જ લાઠી પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો.

પોલીસે અકસ્માત અંગે જરૂરી કાર્યવાહી હાથ ધરી છે અને સમગ્ર મામલે વધુ તપાસ શરૂ કરી છે. હાઈવે પર સર્જાયેલા આ ગમખ્વાર અકસ્માતને પગલે ઈશ્વરિયા ગામ સહિત આસપાસના વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ છે.

અમરેલીના પીઠવાજાળ ગામે વિવિધ રોગોનું સ્ક્રિનિંગ અને પૌષ્ટિક આહાર વિતરણ



અમરેલી, તા. ૪

અમરેલીના પીઠવાજાળ ગામે આયુષ્યમાન આરોગ્ય મંદિર પીઠવાજાળ ખાતે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. રશ્મિકાંત જોશી, તાલુકા હેલ્થ ઓફિસર એસ.બી. સતાણીના માર્ગદર્શન હેઠળ ડાયાબિટીસ, બી.પી તથા સર્વ રોગ નિદાન કેમ્પ અને GSACS લીક વર્કર સ્કીમ દ્વારા HIV હિપેટાઈટિસ–બી હિપેટાઈટિસ–સી સિફિલિસ વગેરે રોગોનું સ્ક્રિનિંગ મૌલિકભાઈ CLW હરેશભાઈ DRP દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં ૬૪ થી વધારે લોકોનું સ્ક્રિનિંગ કરવામાં આવ્યું હતું.

HIV STI હિપેટાઈટિસ વિશે સમજાવવામાં આવ્યું જરૂરી પગલા અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઉપરાંત HIV/AIDS Act–૨૦૧૭ અને હેલ્પલાઈન નંબર ૧૯૯૭ અંગે જાણકારી આપવામાં આવી હતી. અને વિવિધ આરોગ્યના પ્રોગ્રામ વિશે રાષ્ટ્રીય વાહક જન્ય રોગ વિશે સમજાવવામાં આવ્યું હતું.

આ કેમ્પમાં ૧૦૦ થી વધારે ગ્રામજનોએ લાભ લીધો હતો. અને અંબુજા ફાઉન્ડેશન દ્વારા નાસ્તાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. અને વિઝન ફોર વાઈલ્ડ લાઈફ ફાઉન્ડેશન અને આરોગ્ય મંદિરના સહયોગથી પરપ્રાંતીય મજુર વર્ગના સગર્ભા માતા ધાત્રી માતા પૌષ્ટિક આહાર કીટ વિતરણનો કાર્યક્રમ પણ સાથે યોજાયો હતો. હેઠળ આ કાર્યક્રમમાં ડો. રમેશ ચેહાણ દ્વારા વિઝન ફોર વાઈલ્ડ લાઈફની ખાસ ઉપસ્થિતિમાં પીઠવાજાળ વિઠ્ઠલપુર અને તરકતળાવના ૧૯ જેટલી પરપ્રાંતિય સગર્ભા માતા અને ધાત્રી માતાને એક માસ ચાલે તેટલું પોષણ કીટ વિતરણ કરવામાં આવ્યું હતું. તેઓને સમજાવવામાં આવ્યું કે, વાડી વિસ્તારમાં રહેણાંક દરમિયાન વન્ય જીવથી સાવધાન અને સલામત કેમ રહેવું તેઓ માર્ગદર્શન આપવામાંઆવ્યું હતું. આ પ્રોગ્રામમાં સરપંચ ભાવેશભાઈ દેસાઈ ગામના આગેવાનો પણ ઉપસ્થિત રહેલા હતા. આગામી પૌષ્ટિક આહાર ૬ મહિના ચાલે તેટલું સગર્ભા અને ધાત્રી માતાને પૌષ્ટિક આહાર કીટ આપવામાં આવશે.

પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર ડો. મિહિર મહેતા, ડો. કિરણ મેડમ અને સુપરવાઈઝર ભગતભાઈ તાલુકા સુપરવાઈઝર જીતુભાઈ જોશીનું દ્વારા માર્ગદર્શન મળેલ હતું.

આ કાર્યક્રમને સફળ બનાવવા આયુષ્યમાન આરોગ્ય મંદિર પીઠવાજાળના CHO જીનલબેન પ્રજાપતિ FHW ગીતાબેન વાઘમસી, આશા વર્કર ભગવતીબેન મકવાણા, સલમાબેન તરકેસા, રમજુબેન વાળા, રીનાબેન વૈષ્ણવ અને યોગેશ મકવાણા દ્વારા જહેમત ઉઠાવેલ હતી.

જાણીતા એડવોકેટ ઉદયન ત્રિવેદીની દલીલો સફળ

મોટા ઉજળા ગામે બનેલ એટ્રોસિટી તથા મારામારીનાં કેસમાં આરોપીઓનો નિર્દોષ છુટકારો

એડી. સેશન્સ જજશ્રી એમ.એમ. પરમારે ચુકાદો જાહેર કર્યો

અમરેલી, તા. ૪

એટ્રોસીટી તથા મારામારીનાં કેસમાં આરોપીઓનો સીનીયર એડવોકેટ ઉદયન ત્રિવેદીની દલીલોનાં આધારે નિર્દોષ છુટકારો થયો છે.

આ બનાવની વિગતો જોવામાં આવે તો બનાવ તા. ૪/૭/૨૦૨૩ નાં રોજ મોટા ઉજળા ગામે સાંજના સમયે આ કામના આરોપી ચિરાગભાઈ વિઠ્ઠલભાઈ ગજેરાએ આ કામના ફરિયાદીને ફોન કરેલ અને કહેલ કે, "તુ જે મારા મજુર અર્જુન પાસે પૈસા માગેછે તે બસસ્ટેશને આવીને લઈ જા." ત્યારે આ કામના ફરિયાદી બસ સ્ટેશન ગયેલ ત્યારે આ કામના આરોપીઓ વસીમભાઈ માનજીભાઈ ખોખર, ફીયાઝભાઈ માનજીભાઈ ખોખર, માનજીભાઈ હસનભાઈ ખોખર, ચિરાગભાઈ વિઠ્ઠલભાઈ ગજેરાએ આ કામના ફરિયાદીને શેના પૈસા લેવાના નીકળે છે તેવું કહી ધમકાવેલા અને આરોપીઓએ ઉશ્કેરાઈ જઈને આ કામના ફરિયાદીને ચિરાગભાઈએ માર મારેલો અને આરોપી વસીમભાઈએ ફરિયાદીને માથાના ભાગે માર મારેલ તથા બંને ગાલે લાફા મારેલ અને ફીયાઝે જે મફાવે તેમ ગાળો આપેલ તથા માનજીભાઈએ હાથમાં રહેલ હથીયાર વડે વાસાના ભાગે તથા પગના ભાગે માર મારેલ અને આ કામના ફરિયાદીને તમામ આરોપીઓએ સાથે મળીને જ્ઞાતિ પ્રત્યે



હડધુત કરેલ હતા. ત્યારબાદ ફરિયાદીને સરકારી દવાખાને સારવાર માટે દાખલ કરેલ અને ત્યારબાદ આ કામના આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદ લખાવેલ હતી અને જે ફરિયાદ પોલીસે ભારતીય ફોજદારી ધારાની કલમો તથા એટ્રોસીટી એકટની વિગતે ગંભીર પ્રકારનો ગુન્હો નોંધેલો.

આ બાબતની ફરિયાદ ફરિયાદીએ વડિયા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી અને ત્યારબાદ આ કામે એટ્રોસીટી એકટ મુજબનો ગુન્હો બનતો હોય ડીવાયએસપીએ આ કામની ઝીણવટભરી તપાસ કરીને ભારતીય ફોજદારી ધારાની કલમો તથા એટ્રોસીટી એકટ મુજબની વિગતે ચાર્જશીટ કરેલું હતું.

આ કામે બંને પક્ષકારો વચ્ચે જ્ઞાતિના તથા તાલુકાના આગેવાનોએ ખૂબ મહેનત કરવા છતાં સમાધાન થયેલ નહોય આ બનાવ સમગ્ર વિસ્તારમાં ખૂબ ચર્ચાસ્પદ બનેલ હતો અને આ કેસમાં ખૂબ લાંબી કાનૂની લડાઈ બંને પક્ષો તરફથી મજબુત રીતે લડવામાં આવેલી હતી.

આ કામે કેસ શરૂ થતા સરકાર પક્ષે તથા ફરિયાદ પક્ષે ફરિયાદી તથા તેમના સગા સબંધીઓએ જુબાની આપેલી હતી તથા ઈજા પામનારને સારવાર આપનાર ડોકટર, સમાજ કલ્યાણ અધિકારી તથા પોલીસ અધિકારી તથા તપાસ કરનાર અધિકારીને આ કામે ફરિયાદ પક્ષે ફરિયાદીનો કેસ સાબીત કરવા માટે તપાસવામાં આવેલ હતા.

આ કામે સમગ્ર કેસ ચાલી જતા આ અંગેનો કેસ સાબીત કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ ગયેલ હતો. આ કામે આરોપીઓ ચિરાગભાઈ વિઠ્ઠલભાઈ ગજેરા, વસીમભાઈ માનજીભાઈ ખોખર, ફીયાઝભાઈ માનજીભાઈ ખોખર, માનજીભાઈ અસનભાઈ ખોખર તરફે સીનીયર એડવોકેટ ઉદયન ત્રિવેદી રોકાયેલા હતા અને આ કામે આરોપી પક્ષ તરફે કાયદાની જોગવાઈઓની જે વિષદ છણાવટ કરેલી તેની હકીકત ધ્યાને લઈ આ કામના ફરિયાદી પોતાનો કેસ સાબીત કરી શકેલ ન હોય આ કામના આરોપીઓને એડી. સેશન્સ જજશ્રી એમ.એમ. પરમારે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરેલ છે.

સાવરકુંડલા : સીસીઆઈનાં કાર્યકારી સભ્ય તરીકે રમેશભાઈ હીરાણીને જવાબદારી

સાવરકુંડલા, તા. ૪

સાવરકુંડલાના એડવોકેટ, નોટરી ગ્રાહક સુરક્ષા મંડળ સાવરકુંડલાના રમેશભાઈ હિરાણીની કન્જયુમર કોન્ફેડરેશન ઓફ ઈન્ડિયા (સીસીઆઈ) દ્વારા રાષ્ટ્રીય કાર્યકારી સભ્ય તરીકે નિમણૂંક કરવામાં આવેલ.

સંસ્થાના રાષ્ટ્રીય અધ્યક્ષ ડોકટર અનંત શર્માની ભલામણ અને સીસીઆઈની જનરલ બોડીની બેઠકમાં લેવાયેલા નિર્ણયને અનુસરીને આ નિમણૂક કરવામાં આવી છે.

સંસ્થાના ચીફ ઈલેકશન ઓફિસર શિવલાલ સેની દ્વારા આ નિમણૂક તાત્કાલિક અસરથી અમલમાં આવશે તેવી જાહેરાત કરવામાં આવી હતી. રમેશભાઈ હિરાણી ૨૦૦૧થી ગ્રાહક સંગઠનના રાષ્ટ્રીય સ્તરના સંગઠન તરીકે કાર્યરત છે. ગ્રાહકોના અધિકારોનું



રક્ષણ, ગ્રાહક જાગૃતિ અને ગ્રાહક હિતોને લગતા પ્રશ્નોના નિરાકરણ માટે સંસ્થાની ભૂમિકા મહત્વપૂર્ણ છે. સાવરકુંડલા ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ રમેશભાઈ હિરાણીને રાષ્ટ્રીય સ્તરે મહત્વપૂર્ણ જવાબદારી મળતા સાવરકુંડલા સહિત સમગ્ર પંથકમાં આનંદની લાગણી પ્રસરી છે. વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ, મિત્રો અને શુભેચ્છકો દ્વારા તેમને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

દાયકાઓથી અવાવરૂ પડેલ જમીન ઉપર વૃક્ષારોપણ કરાયું

અમરેલીમાં ઠેબી જળાશય નજીક આકર્ષક પાર્ક બનાવાશે

ઠેબી જળાશયનાં પાળા ઉપર વોકિંગ કરવા કે ફરવા માટે જતાં શહેરીજનોને એક નવા પાર્કની ભેટ મળશે

પાર્કમાં વોકિંગ ટ્રેક, પ્રકૃતિ, બેસવા માટેની વ્યવસ્થા પણ કરવામાં આવશે

નાના બાળકોથી લઈને સીનિયર સિટીઝન સુધી સૌ કોઈ માટે મનગમતી સુવિધા ઉભી કરાશે

શહેરનાં પ્રવેશદ્વાર સમાન વિસ્તારમાં પાર્ક બનવાથી શહેરની રોનકમાં પણ વધારો થશે



અમરેલી, તા. ૪

અમરેલી શહેરમાં રાજયમંત્રી કૌશિક વેકરિયાની દીર્ઘદ્રષ્ટિ, આવડત અને વિકાસલક્ષી દ્રષ્ટિનાં કારણે છેલ્લા ૪ વર્ષમાં શહેરની રોનકમાં સતત વધારો થઈ રહ્યો હોવાનું સ્પષ્ટ જોવા મળી રહ્યું છે. શહેરમાં રાજમહેલ અને ટાવરનું રીનોવેશન, લીલીયા માર્ગ ઉપર ફોરલેન માર્ગ, અટલ સરોવર, સ્પોર્ટસ સંકુલ સહિતની સુવિધા ઉભી કરવામાં આવી. તો શહેરનાં ચિતલ રોડ, વરસડા રોડ અને ગાવડકા રોડની પહોળાઈ વધારીને નવો માર્ગ બનાવવા સહિતની અનેક કામગીરી થઈ રહી છે.

દરમિયાનમાં અમરેલીનાં રાજકોટ તરફનાં પ્રવેશદ્વાર ગણાતાં ઠેબી જળાશય નજીક આવેલ વિશાળ જમીન કે જે દાયકાઓથી પડતર હાલતમાં હોય તે જમીન ઉપરનાં બાવળો હટાવીને તે જ સ્થળે બાળકોથી લઈને વૃધ્ધો માટે આધુનિક પાર્ક બનાવવાનું શરૂ કરવામાં આવેલ છે.

પાર્કમાં બાળકો માટે રમત-ગમતનાં સાધનો, વૃધ્ધો માટે બેસવાની અને પાણીની વ્યવસ્થા, મહિલાઓ માટે પણ સુરક્ષિત વોકિંગ થઈ શકે, સપરિવાર સૌ કોઈ આનંદ માણી શકે તેવી ઉત્તમ વ્યવસ્થા સાથે વૃક્ષારોપણ, બગીચો સહિતની સુવિધા બનાવવાની તૈયારી શરૂ કરવામાં આવી રહી છે.

આમ, શહેરનાં પ્રવેશદ્વાર સમી અતિ મહત્વની અવાવરૂ જમીન ઉપર આગામી થોડા જ દિવસોમાં સુંદર અને રળિયામણો પાર્ક બની જશે.

નવ વર્ષ જુના કેસમાં બાળ અદાલત દ્વારા ઇશ્યુ થયેલ પકડ વોરંટનાં આરોપીને પકડી પાડતી પેરોલ ફર્લો સ્કવોર્ડ

અમરેલી, તા. ૪

પેરોલ ફર્લો ટીમ દ્વારા નાસતા ફરતા આરોપીની તપાસમાં હોય તે દરમ્યાન નાગેશ્રી પોલીસ સ્ટેશનનાં સને ૨૦૧૭ નાં આઈપીસી કલમ ૩૦૨,૩૭૬ મુજબના જુવેનાઈલ કેસમાં પકડ વોરંટમાં ફરાર આરોપી બાબતે હ્યુમન ઈન્ટેલીજન્સ તથા ટેકનીકલ સોર્સ આધારે હકીકત મેળવી પકડ વોરંટનાં આરોપીનાં વાલી જાફરાબાદ તાલુકાનાં ભાડા ગામે રહેતા વાલી રાણીંગભાઈ જીવા ઉર્ફે જીવરાજ પરમાર નામના ૬૫ વર્ષિય વૃધ્ધે તેના સગીર વયનાં દીકરાને ઘણાં લાંબા સમયથી કોર્ટમાં હાજર ન રાખતા કોર્ટ દ્વારા વાલી વિરૂધ્ધમાં પકડ વોરંટ ઈશ્યુ થયેલ હોય જે કામે આરોપીને પકડી પાડવામાં આવેલ છે અને તા. ઉનાં રોજ કલોલ, ગાંધીનગર ખાતેથી પકડી આગળની ઘટતી કાર્યવાહી સારૂ નાગેશ્રી પોલીસ સ્ટેશન ખાતે સોંપી આપેલ છે.

આ કામે વાલીનાં સગીર વયનાં દીકરા વિરૂધ્ધ નવ વર્ષ પહેલા નાગેશ્રી પોલીસ સ્ટેશન ૨૦૧૭નાં આઈપીસી કલમ ૩૦૨, ૩૭૬ મુજબનો કેસ દાખલ થયેલ હોય, જે કેસમાં બાળ અદાલત અમરેલી ખાતે ફોજદારી કેસ નં. ૧૧/૨૦૧૭થી શરૂ હોય જે કેસમાં જાફરાબાદ તાલુકાનાં ભાડા ગામે રહેતા વાલી રાણીંગભાઈ જીવા ઉર્ફે જીવરાજ પરમાર નામના ૬૫ વર્ષિય વૃધ્ધે તેના સગીર વયનાં દીકરાને ઘણાં લાંબા સમયથી કોર્ટમાં હાજર ન રાખતા કોર્ટ દ્વારા વાલી વિરૂધ્ધમાં પકડ વોરંટ ઈશ્યુ થયેલ હોય જે કામે આરોપીને પકડી પાડવામાં આવેલ છે.

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે. કેંશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

Jaydeep Rayththa Mo. 98980 52364
PRIME PROPERTY
Sell • Purchase • Lease
Commercial • Residential • Plotting
Member of RPCA | NATIONAL ASSOCIATION OF REALTORS - INDIA
413, Star Plaza, Phulchhab Chowk, Rajkot
+91 98980 52364 / 93770 03636
Jaydeep Rayththa1983@Gmail.Com

આદુ-મરચાથી ભરપુર સ્પે. વાટીદાળના ખમણ
તેમજ સ્પે. નાયલોન ખમણ મળશે
દાનગીગેવ ખમણ હાઉસ
અમરેલીનાં જુનાને જાણીતા (સાનુભાઈ ખમણવાળા)
સ્ટેશન રોડ, લક્ષ્મીનારાયણ મંદિરની સામે, અવધ કેરી ફાર્મની બાજુમાં, અમરેલી
મો. ૯૯૨૫૪ ૨૫૨૩૧ ■ મો. ૯૪૨૮૭ ૯૪૦૪૧

Shine 100 DX
કયે તમને મળી જશે માત્ર ને માત્ર
₹76,278/- On Road Price
કોઈ વધારાની ચાર્જ નહીં
પરીખ હોન્ડા
બાબરા • બગસરા • કુકાવાવ • ધારી • વડીયા • દામનગર

શુદ્ધ, સાત્વિક, ગુજરાતી થાળી,
ઘર જેવું જમવા માટે આજે જ અમારો સંપર્ક કરો.
"મહાદેવ કેટરિંગ એન્ડ ટિફિન સર્વિસ"
બપોર નું મેનુ:- રુ. ૮૦/-
૧- શાક, ૪- ફુલકા રોટલી, દાળ-ભાત, સંભારો, પાપડ.
રાતનું મેનુ:- રુ. ૮૦/-
૧- શાક, ૨- ભાખરી, ખીચડી, રાયતાં મરચાં, ગોળ.
એકસ્ટ્રા આઈટમ:-
શાક - ૩૦/- | રોટલી - ૫/- | રોટલા - ૨૫/- | ભાખરી - ૧૫/- | થેપલાં - ૧૦/- | દાળ-ભાત - ૩૫/-
ટિફિન ડિલિવરી ફ્રી
મનોજ જોષી મો. ૭૬૯૦૦૫૦૮૮૦
અંજના જોષી મો. ૮૭૫૮૦૦૮૨૬૭
બેસતા વર્ષના દિવસે માટલા ઉંધીયું મળશે
આપને ત્યાં આવતાં શુભપ્રસંગે ઓર્ડર પણ કરી આપીશું.
રોટલી, રોટલા, ભાખરી, થેપલાં, પણ ઓર્ડર ઉપર બનાવી આપીશું.

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦,પહેલા માળે, હિરકવાન શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

MARUTI SUZUKI ARENA
CELEBRATE NEW YEAR WITH AMAZING PRICES.
DZIRE
Happy New Year 2026
₹6.26 LAKH*
S-CNG
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
Alpha Autolink
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

Crafted with a Striking New Design
NEW fascino 125 Fi HYBRID
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, ચામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

સાંભળવાની તકલીફ છે ?
આ દિવાળીમાં આપના વડીલોને આપો કાનના મશીનની અમૂલ્ય ભેટ
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેનમાર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ કિલનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

શિવ ફરસાણ (ઘારીવાળા)
સ્પે.નાયલોન ખમણ ખમણ હાજરમાં મળશે. ખજુરની ચટણી સાથે
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે,લીલીયા રોડ,અમરેલી.

અમેરિકાની મિડટર્મ ચૂંટણીમાં ટ્રમ્પને મોટો ઝટકો

હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં ડેમોક્રેટ્સનો કબજો, ટ્રમ્પની પાર્ટીની કારમી હાર

ભારતીય મૂળના પિયા ડાંડિયા અને સુહાસ સુબ્રમણ્યમનો વિજય, વિવેક રામાસ્વામી ચૂંટણી હાર્યા : સાઉથ કેરોલિનામાં રિપબ્લિકનને ઝટકો

વોશિંગ્ટન, તા.૪

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના બે વર્ષના કાર્યકાળ બાદ યોજાયેલી મિડટર્મ ચૂંટણીઓના પ્રારંભિક પરિણામો અને ટ્રેન્ડ્સે વોશિંગ્ટનના રાજકારણમાં ભૂકંપ સર્જ્યો છે. તમામ પૂર્વ-ચૂંટણી સર્વેના અંદાજો સાચા ઠેરવતા ડેમોક્રેટિક પાર્ટીએ રિપબ્લિકન પાર્ટીના પરંપરાગત ગઢ ગણાતા વિસ્તારોમાં ભારે ગાબડું પાડ્યું છે.સેનેટ અને હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ બંનેમાં ડેમોક્રેટ્સે મોટો ઉછાળો માર્યો છે. આ ચૂંટણીમાં ભારતીય સમુદાય માટે પણ મોટા સમાચાર સામે આવ્યા છે, જેમાં ફ્લોરિડાથી ભારતીય મૂળના ડેમોક્રેટ ઉમેદવાર પિયા ડાંડિયા અને વર્જિનિયાથી સુહાસ સુબ્રમણ્યમ વિજેતા બન્યા છે.ડોનાલ્ડ ટ્રમ્પે તાજેતરના મધ્યસત્રના ચૂંટણીના પરિણામમાં હાર સ્વીકારવા તૈયારી બતાવી દીધી છે. આ સાથે તેમણે સવાલો ઊઠાવતા કહ્યું કે બેલેટ પેપર પર મારું નામ હોત તો કદાચ અમે ભારે બહુમતથી ચૂંટણી જીતી ગયા હોત. જોકે હું હાર સ્વીકારીને ડેમોક્રેટ્સ સાથે મળીને કામ કરવા તૈયાર છું. ઉલ્લેખનીય છે કે આ હારથી ટ્રમ્પને હવે મોટો ઝટકો લાગશે અને તે યુદ્ધમાં બેફામ નિર્ણયો લેતા અટકી શકે છે. ટ્રમ્પે કહ્યું કે હું ચૂંટણી મેદાનમાં નહોતો. જો હું ચૂંટણીમાં ઉમેદવાર તરીકે ઉતર્યો હોત તો રિપબ્લિકન્સ ભારે બહુમતથી જીત્યા હોત. જોકે લોકો ટ્રમ્પની આ પ્રતિક્રિયાની મજાક પણ ઉડાવી રહ્યા છે.ઓહિયો ગવર્નર પદની રેસમાં ભારતીય મૂળના વિવેક રામાસ્વામી હારી ગયા છે. ડેમોક્રેટ એમી એક્ટને રિપબ્લિકન નેતા વિવેકને હરાવી દીધા છે. અમેરિકાના મિડટર્મ ચૂંટણી પરિણામોમાં મોટો ઉલટફેર જોવા મળ્યો છે. સીએનએન ના અંદાજ મુજબ, ડેમોક્રેટિક પાર્ટીએ સત્તાધારી રિપબ્લિકન પાર્ટીને માત આપીને સંસદના નિચલા સદન ‘હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ’ પર નિયંત્રણ મેળવી લીધું છે. આ પરિણામથી અમેરિકાના રાજકારણમાં સત્તાનું સંતુલન બદલાશે અને પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ માટે પોતાના એજન્ડા અને નીતિઓ આગળ ધપાવવા મોટા પડકારો ઉભા થશે.મતદાર માહિતીઅમેરિકામાં ટ્રમ્પની પાર્ટીને વધુ એક મોટો ઝટકો લાગ્યો છે. ડેમોક્રેટિક પાર્ટીએ રિપબ્લિકન પક્ષ પાસેથી સાઉથ કેરોલિનાની સીનેટ સીટ છીનવી લીધી છે. છેલ્લા ત્રણ દાયકાથી આ સીટ સ્વર્ગસ્થ સાંસદ લિન્ડસે ગ્રેહામ પાસે હતી, જ્યાં હવે ડેમોક્રેટિક પાર્ટીના એની એન્ડ્રુઝે જીત હાસિલ કરી છે.અમેરિકાની ચૂંટણીમાં ઐતિહાસિક પરિણામો સામે આવ્યા છે. ડેમોક્રેટિક ઉમેદવાર કીશા લાન્સ બોટમ્સ અમેરિકાના ઈતિહાસમાં પ્રથમ અશ્વેત મહિલા ગવર્નર બનવા જઈ રહ્યા છે. બીજી તરફ, ફ્લોરિડામાં રિપબ્લિકન સાંસદ બાયરન ડોનાલ્ડ્સે ગવર્નરની ચૂંટણી જીતી લીધી છે, જેઓ ફ્લોરિડાના પ્રથમ અશ્વેત ગવર્નર બનશે. આ બંને પરિણામોને અમેરિકી રાજકારણમાં મોટા ઐતિહાસિક બદલાવ તરીકે જોવામાં આવી રહ્યા છે.મતદાર માહિતીઅમેરિકાની મિડટર્મ ચૂંટણીઓમાં કોલોરાડોથી ડેમોક્રેટિક ઉમેદવાર જોન હિકેનલૂપરે સેનેટ ચૂંટણીમાં ફરી એકવાર શાનદાર વિજય મેળવ્યો છે. પૂર્વ ગવર્નર રહી ચૂકેલા હિકેનલૂપરે પોતાના સ્પર્ધક અને રિપબ્લિકન ઉમેદવાર માર્ક બેસ્લીને પરાજય આપીને આ બેઠક જાળવી રાખી છે. અગાઉ કોલોરાડો રાજ્યના ‘હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ’ ના સભ્ય તરીકે પણ સેવા આપી ચૂકેલા જોન હિકેનલૂપર માટે સીનેટમાં આ તેમનો સતત બીજો કાર્યકાળ રહેશે.રિપબ્લિકન ઉમેદવાર એરિક બાર્લોએ વ્યોમિંગના ગવર્નર તરીકે જીત મેળવી છે.

દિવાળી પહેલાં જામનગરમાં તંત્રની લાલ આંખ

ફટાકડાના સ્ટોલ પર પોલીસ અને ફાયર વિભાગના ઓચિંતા દરોડા

ફાયર એક્સ્ટિંગ્વિશર, પાણીની સુવિધા અને સ્ટોલ વચ્ચેના અંતરની તપાસ, નિયમોનો ભંગ કરનાર સામે કાર્યવાહીની ચેતવણી

જામનગર,તા.૪

દિવાળીના તહેવારને હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે જામનગરમાં ફટાકડાના બજારો ધમધમવા લાગ્યાં છે. તહેવાર દરમિયાન ફટાકડાની ખરીદી માટે બજારોમાં વધતી ભીડને ધ્યાનમાં રાખીને નાગરિકોની સુરક્ષા માટે તંત્ર સક્રિય બન્યું છે. જામનગરમાં પોલીસ વિભાગ, ફાયર વિભાગ અને મહાનગરપાલિકાની એસ્ટેટ શાખા દ્વારા ફટાકડાના સ્ટોલ પર સંયુક્ત ચેકિંગ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. વિવિધ વિસ્તારોમાં આવેલા ફટાકડાના સ્ટોલ પર ઓચિંતી તપાસ કરવામાં આવતાં વેપારીઓમાં દોડધામ મચી ગઈ હતી.દિવાળીના દિવસોમાં ફટાકડાના વેચાણ અને ઉપયોગ દરમિયાન આગ લાગવાની દુર્ઘટનાઓનું જોખમ રહે છે. ખાસ કરીને શોર્ટ સર્કિટ, ખુલ્લી આગ અથવા સુરક્ષાના નિયમોમાં બેદરકારીને કારણે મોટી દુર્ઘટના સર્જાઈ શકે છે.

આવી ઘટનાઓ અટકાવવા માટે જામનગરના વિવિધ વિસ્તારોમાં પોલીસ, ફાયર વિભાગ અને એસ્ટેટ શાખાના અધિકારીઓએ સંયુક્ત રીતે ફટાકડાના સ્ટોલની તપાસ કરી હતી. ટીમોએ સ્ટોલ પર જઈને જરૂરી સુરક્ષા વ્યવસ્થાઓનું નિરીક્ષણ કર્યું હતું.ચેકિંગ દરમિયાન અધિકારીઓએ ફટાકડાના સ્ટોલ પર અગ્નિશામક યંત્રો (ફાયર એક્સ્ટિંગ્વિશર), પાણીની ઉપલબ્ધતા અને અન્ય જરૂરી સુરક્ષા સાધનોની તપાસ કરી હતી. આ ઉપરાંત એક સ્ટોલ અને બીજા સ્ટોલ વચ્ચે પૂરતું અંતર જાળવવામાં આવ્યું છે કે નહીં તેની પણ ચકાસણી કરવામાં આવી હતી.

સ્ટોલની આસપાસ કોઈ જ્વલનશીલ પદાર્થો રાખવામાં આવ્યા છે કે નહીં અને આગ લાગે તો તાત્કાલિક નિયંત્રણ મેળવી શકાય તેવી વ્યવસ્થા છે કે નહીં તે બાબતો પર પણ ધ્યાન આપવામાં આવ્યું હતું.

તપાસ દરમિયાન અધિકારીઓએ ફટાકડાના વેપારીઓને લાઈસન્સની શરતો અને સુરક્ષાના તમામ નિયમોનું ચુસ્તપણે પાલન કરવા સૂચના આપી હતી. સ્ટોલ પર સુરક્ષાનાં સાધનો ફરજિયાત રાખવા અને કોઈપણ પ્રકારની બેદરકારી ન દાખવવા સ્પષ્ટ તાકીદ કરવામાં આવી હતી.તંત્રએ ચેતવણી આપી છે કે નિયમોનું ઉલ્લંઘન કરનારા વેપારીઓ સામે કાયદેસરની અને દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

જામનગર મહાનગરપાલિકા અને પોલીસ વિભાગ દ્વારા નાગરિકોની જાનમાલની સુરક્ષાને પ્રાથમિકતા આપીને ફટાકડાના બજારોમાં તપાસ ચાલુ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. દિવાળીના તહેવારો પૂર્ણ ન થાય ત્યાં સુધી વિવિધ વિસ્તારોમાં સ્ટોલનું ચેકિંગ કરવામાં આવશે.

૨૦ લાખ સામે ૪૨ લાખ ચૂકવ્યાનો આક્ષેપ

રાજકોટમાં ભાજપના પૂર્વ કોર્પોરેટર સામે વ્યાજખોરીના ગંભીર આક્ષેપ

ભાજપના જ કાર્યકર્તા અમિત જાવિયાએ પૂર્વ કોર્પોરેટર નીતિન રામાણી સામે લગાવ્યા આક્ષેપ, દર મહિને રૂ. ૬૦ હજાર વ્યાજ વસૂલાતું હોવાનો દાવો

રાજકોટ,તા.૪

રાજકોટ શહેરમાં વ્યાજખોરીનો મામલો ફરી ચર્ચામાં આવ્યો છે. આ વખતે ભાજપના પૂર્વ કોર્પોરેટર નીતિન રામાણી સામે વ્યાજખોરી અને પઠાણી ઉઘરાણીના ગંભીર આક્ષેપો થતાં રાજકીય વર્તુળોમાં ખળભળાટ મચી ગયો છે. ભાજપના જ એક કાર્યકર્તાએ તેમની સામે ફરિયાદ કરી છે. એટલું જ નહીં, પૂર્વ કોર્પોરેટર અને ફરિયાદી વચ્ચેની વાતચીતનો કથિત ઓડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે.આ સમગ્ર મામલે ફરિયાદી અમિત જાવિયાએ આક્ષેપ કર્યો છે કે તેમણે પૂર્વ કોર્પોરેટર નીતિન રામાણી પાસેથી રૂ. ૨૦ લાખ લીધા હતા. આ રકમ સામે અત્યાર સુધીમાં કુલ રૂ. ૪૨ લાખ ચૂકવી દીધા હોવા છતાં તેમની પાસેથી વધુ રૂ. ૧૫ લાખની માંગણી કરવામાં આવી રહી છે.ફરિયાદીના જણાવ્યા અનુસાર, તેમની પાસેથી દર મહિને અંદાજે રૂ. ૬૦ હજાર વ્યાજ પેટે વસૂલવામાં આવતા હતા. આટલી મોટી રકમ ચૂકવ્યા બાદ પણ વધુ નાણાંની માંગણી થતાં તેમણે સમગ્ર મામલે અવાજ ઉઠાવ્યો છે.ખાસ વાત એ છે કે આક્ષેપ કરનાર અમિત જાવિયા પોતે ભાજપના સક્રિય કાર્યકર્તા હોવાનું જાણવા મળ્યું છે. તેમણે પોતાની સાથે આર્થિક અન્યાય અને માનસિક ત્રાસ થતો હોવાનો આક્ષેપ કરીને રાજકોટ પોલીસ કમિશનર સમક્ષ લેખિત અરજી રજૂ કરી છે.પૂર્વ કોર્પોરેટર અને ફરિયાદી વચ્ચેની વાતચીતનો કથિત ઓડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં આ મામલો વધુ ચર્ચાસ્પદ બન્યો છે. ઓડિયોમાં થયેલી વાતચીતને લઈને અનેક સવાલો ઊભા થયા છે.હાલમાં ફરિયાદી દ્વારા કરવામાં આવેલા આક્ષેપોની સત્યતા અને વાયરલ ઓડિયોની ખરાઈ તપાસનો વિષય છે. પોલીસ કમિશનર સમક્ષ અરજી રજૂ થયા બાદ સમગ્ર મામલે તપાસની કાર્યવાહી શરૂ થવાની શક્યતા છે. તપાસ બાદ જ આક્ષેપો અંગે હકીકત સ્પષ્ટ થશે.

ચાર વર્ષનાં જોડિયાં બાળકોએ માતાની છત્રછાયા ગુમાવી

અમદાવાદના નિકોલ હિટ એન્ડ રન કેસમાં મૃત્યુઆંક ૩ થયો

અમદાવાદ,તા.૪

અમદાવાદના નિકોલ વિસ્તારમાં નશામાં ધૂત કારચાલકે સર્જેલા ભયાનક હિટ એન્ડ રન અકસ્માતમાં મૃત્યુઆંક વધીને ત્રણ થયો છે. અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલાં સ્નેહલબેન વસોયાનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. આ ઘટનાએ સમગ્ર અમદાવાદને હચમચાવી દીધું છે. અગાઉ આ જ અકસ્માતમાં ફૂટપાથ પર વેપાર કરીને પરિવારનું ગુજરાન ચલાવતી માતા અને તેના પુત્રનાં ઘટનાસ્થળે જ મોત થયાં હતાં. હવે વધુ એક મહિલાના મોતથી આ અકસ્માતે ત્રણ પરિવારોને કાયમી આઘાત આપ્યો છે.મળતી માહિતી અનુસાર, સ્નેહલબેન વસોયા પોતાના પતિ કાર્તિક વસોયા સાથે દિવાળીના તહેવાર નિમિત્તે ખરીદી કરવા નિકોલ વિસ્તારમાં ગયાં હતાં. આ દરમિયાન ફૂટપાથ નજીક ઊભેલા દંપતીને પૂરપાટ ઝડપે આવેલી ફોર્ચ્યુનર કારે અડફેટે લીધાં હતાં.અકસ્માતમાં કાર્તિક વસોયાને પણ ઈજાઓ પહોંચી હતી, જ્યારે સ્નેહલબેનને માથા અને શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજાઓ થઈ હતી. તેમને તાત્કાલિક હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યાં હતાં, પરંતુ સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું. સ્નેહલબેનના અવસાનથી તેમનાં ચાર વર્ષનાં જોડિયાં બાળકો, એક દીકરો અને એક દીકરીએ માતાની છત્રછાયા ગુમાવી છે.અકસ્માત સર્જનાર વિરલ ચૌધરી સાથે કારમાં તેનો મિત્ર સાગર પણ હાજર હતો. પોલીસ તપાસમાં સામે આવેલી વિગતો અનુસાર, બંને મિત્રોએ સાગરના ઘરે બિયર પીધી હતી અને ત્યારબાદ બહાર જમવા નીકળ્યા હતા. આ દરમિયાન વિરલ કાર ચલાવતી વખતે પણ બિયર પી રહ્યો હોવાનો આરોપ છે.આરોપ છે કે એક હાથે સ્ટિયરિંગ અને બીજા હાથે બિયરનું કેન પકડીને કાર ચલાવતી વખતે તેણે વાહન પરથી કાબૂ ગુમાવ્યો હતો. પરિણામે ફોર્ચ્યુનર સીધી ફૂટપાથ પર ચડી ગઈ હતી અને ત્યાં રહેલા લોકોને અડફેટે લીધા હતા.અકસ્માત બાદ મિત્ર સાગર સ્થળ પરથી નાસી છૂટ્યો હોવાની વિગતો સામે આવી છે, જ્યારે સ્થાનિક લોકોએ વિરલને પકડીને પોલીસને સોંપ્યો હતો. હવે પોલીસ સાગરની ભૂમિકા અંગે પણ તપાસ કરી રહી છે. તેની સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ કાર્યવાહી અને ધરપકડ માટેની તજવીજ હાથ ધરવામાં આવી રહી છે.નિકોલની આ દુર્ઘટનાએ દારૂના નશામાં વાહન ચલાવવાના જોખમને ફરી ઉજાગર કર્યું છે. એક બેદરકારીભર્યા કૃત્યના કારણે ત્રણ નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યો છે અને અનેક પરિવારોનું જીવન કાયમ માટે બદલાઈ ગયું છે. ખાસ કરીને ચાર વર્ષનાં બે માસૂમ બાળકોએ માતા ગુમાવતાં આ ઘટનાએ માનવતાને ઝંઝોળી નાખી છે.પોલીસ દ્વારા અકસ્માતની સમગ્ર ઘટનાની તપાસ, સાક્ષીઓનાં નિવેદનો અને ઉપલબ્ધ પુરાવાઓના આધારે આગળની કાર્યવાહી કરવામાં આવી રહી છે. નશામાં ડ્રાઈવિંગ સામે કડક અમલવારી અને હાઈવે તથા શહેરના રસ્તાઓ પર જવાબદાર વાહનવ્યવહારની જરૂરિયાત આ ઘટનાએ ફરી સ્પષ્ટ કરી છે.

ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે મોટા સમાચાર

ફેબ્રુઆરી ૨૦૨૭ની SSC અને HSC પરીક્ષાના ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ

નિયમિત, રિપીટર, GSOS અને ખાનગી વિદ્યાર્થીઓએ ભરવાના રહેશે ફોર્મ, gseb.org વેબસાઈટ પરથી કરી શકાશે ઓનલાઈન રજિસ્ટ્રેશન

ગાંધીનગર,તા.૪

ગુજરાત રાજ્યના ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે મહત્વના સમાચાર સામે આવ્યા છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ (GSEB) દ્વારા ફેબ્રુઆરી ૨૦૨૭માં યોજાનારી બોર્ડ પરીક્ષાઓ માટે ઓનલાઈન ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. ૪ નવેમ્બર ૨૦૨૬થી શરૂ થયેલી આ પ્રક્રિયા માટે વિદ્યાર્થીઓને ૩ ડિસેમ્બર ૨૦૨૬ સુધીનો સમય આપવામાં આવ્યો છે. જેથી વિદ્યાર્થીઓએ નિયત સમયમર્યાદામાં પરીક્ષાના ફોર્મ ભરવાની પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે.કયા વિદ્યાર્થીઓ ફોર્મ ભરી શકશે?

બોર્ડ દ્વારા ધોરણ ૧૦ (SSC) અને ધોરણ ૧૨ (HSC)ની વિવિધ પરીક્ષાઓ માટે ફોર્મ ભરવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

આ પ્રક્રિયામાં નીચેના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશેઃ

ધોરણ ૧૦ (SSC)ના વિદ્યાર્થીઓ
સંસ્કૃત પ્રથમાના વિદ્યાર્થીઓ
ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહ
ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ
ધોરણ ૧૨ વ્યવસાયલક્ષી પ્રવાહ
ધોરણ ૧૨ ઉત્તર બુનિયાદી પ્રવાહ
રિપીટર અને GSOSના વિદ્યાર્થીઓ
ખાનગી ઉમેદવારો

ફોર્મ ભરવાની છેલ્લી તારીખ કઈ?

GSEBની સૂચના અનુસાર, નિયમિત ફી સાથે ઓનલાઈન ફોર્મ ભરવાની શરૂઆત ૪ નવેમ્બર ૨૦૨૬થી થઈ છે. જ્યારે ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૩ ડિસેમ્બર ૨૦૨૬ નક્કી કરવામાં આવી છે.મહત્ત્વની તારીખોઃફોર્મ ભરવાની શરૂઆતઃ ૪ નવેમ્બર ૨૦૨૬

ફોર્મ ભરવાની છેલ્લી તારીખઃ ૩ ડિસેમ્બર ૨૦૨૬,છેલ્લો સમયઃ રાત્રે ૧૨ વાગ્યા સુધી કઈ વેબસાઈટ પરથી ભરવાનું રહેશે ફોર્મ?વિદ્યાર્થીઓ અને શાળાઓએ ગુજરાત બોર્ડની સત્તાવાર વેબસાઈટ www.gseb.org પર જઈને ઓનલાઈન ફોર્મ ભરવાનું રહેશે.

શાળા સંચાલકો અને વિદ્યાર્થીઓને બોર્ડ દ્વારા આપવામાં આવેલી સૂચનાઓ અનુસાર તમામ વિગતો યોગ્ય રીતે ભરવા અપીલ કરવામાં આવી છે.

બોર્ડ પરીક્ષાની તૈયારીની સાથે ફોર્મ ભરવાની પ્રક્રિયા પણ એટલી જ જરૂરી છે. છેલ્લી તારીખ નજીક આવે ત્યારે વેબસાઈટ પર ટ્રાફિક વધી શકે છે. તેથી વિદ્યાર્થીઓએ છેલ્લી ઘડીની મુશ્કેલીથી બચવા માટે સમયસર ફોર્મ ભરી દેવું હિતાવહ છે. ફોર્મ ભરતા પહેલાં તમામ વ્યક્તિગત અને શૈક્ષણિક વિગતો ચકાસી લેવી જરૂરી છે.

અધિકારીઓને હાજર રહેવાની ચેતવણી

જેલોમાં જાતિગત ભેદભાવ મુદ્દે સુપ્રીમની નારાજગી

જેલોમાં ભેદભાવ રોકવા અને બોર્ડ ઓફ વિઝિટર્સની રચના અંગે માહિતી માગી, ૧૩ જાન્યુઆરીએ આગામી સુનાવણી થશે

નવી દિલ્હી, તા.૪

સુપ્રીમ કોર્ટે ભારતીય જેલોની અંદર થતા જાતિ આધારિત ભેદભાવ અને ‘બોર્ડ ઓફ વિઝિટર્સ’ની રચના સંબંધિત કેસમાં ૨૩ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ઉદાસીનતા પર ભારે નારાજગી વ્યક્ત કરી હતી. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે આ દુર્ભાગ્યપૂર્ણ અને ‘‘ખૂબ જ દુઃખદ’’ છે કે ૨૩ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોએ જેલોની અંદર થતા ભેદભાવ સંબંધિત કેસમાં કેન્દ્ર દ્વારા માંગવામાં આવેલી માહિતી હજુ સુધી પૂરી પાડી નથી.ઓક્ટોબર ૨૦૨૪માં આપેલા એક ઐતિહાસિક ચુકાદામાં સુપ્રીમ કોર્ટે જાતિ આધારીત ભેદભાવ પર રોક લગાવી દીધી હતી. જેમાં શારીરિક પરીશ્રમની વહેંચણી, બેરેકને અલગ અલગ કરવા અને ડી-નોટિફાઈડ જનજાતિઓ અથવા રીઢા ગુનેગારો વિરુદ્ધ ભેદભાવ સામેલ હતા. કોર્ટે ૧૦ રાજ્યોના જેલ મેન્યુઅલના એ નિયમોને ‘‘ગેરબંધારણીય’’ ગણાવ્યા હતા જે આ પ્રકારના ભેદભાવને પ્રોત્સાહન આપતા હતા.જસ્ટિસ જે. બી. પારડીવાલા અને જસ્ટિસ મનમોહનની બેન્ચ ‘ભારતમાં જેલની અંદર ભેદભાવ’ નામના સુઓમોટો કેસની સુનાવણી કરી રહી છે. બેન્ચે કહ્યું હતું કે કેન્દ્રએ આ મામલામાં થયેલી વધુપ્રગતિ દર્શાવતો નવો સ્ટેટસ રિપોર્ટ દાખલ કર્યો છે. કોર્ટે કહ્યું હતું કે આ રિપોર્ટમાં મધ્યપ્રદેશ પોલીસ રેગ્યુલેશન્સ, ૧૯૩૭ અને મોડલ પ્રિઝન મેન્યુઅલ, ૨૦૧૬ હેઠળ રચાયેલા જિલ્લાવાર ‘બોર્ડ ઓફ વિઝિટર્સ’ સાથે જોડાયેલા મુદ્દાઓ પર પ્રકાશ પાડવામાં આવ્યો છે.બેન્ચે કહ્યું હતું કે આ રિપોર્ટ આ વર્ષે ૩૦ જૂલાઈ અને ૧૦ સપ્ટેમ્બરના રોજ સુપ્રીમ કોર્ટ દ્વારા જાહેર કરાયેલા નિર્દેશોના અનુસંધાનમાં દાખલ કરવામાં આવ્યો હતો. ૩૦ જૂલાઈના તેના આદેશમાં સર્વોચ્ચ અદાલતે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને ચાર અઠવાડિયામાં તે ચોક્કસ જિલ્લાના મુખ્ય જિલ્લા ન્યાયાધીશના નેતૃત્વ હેઠળ જિલ્લાવાર ‘બોર્ડ ઓફ વિઝિટર્સ’ની રચના કરવાની ખાતરી કરવા નિર્દેશ આપ્યો હતો.મંગળવારે આ મામલાની સુનાવણી કરતી વખતે બેન્ચે જણાવ્યું હતું કે રિપોર્ટમાં સૂચવવામાં આવ્યું છે કે સંબંધિત મંત્રાલયે તમામ સંબંધિત રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના એડિશનલ મુખ્ય સચિવો/મુખ્ય સચિવો (ગૃહ)/ગૃહ સચિવો અને પોલીસ મહાનિર્દેશક (ડીજીપી)/પોલીસ વડાઓને પત્રો લખ્યા છે. જોકે ૨૩ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોએ હજુ સુધી ભારતીય સંઘના ગૃહ વિભાગ દ્વારા માંગવામાં આવેલી માહિતીનો જવાબ આપ્યો નથી.અદાલતે નોંધ્યું કે વરિષ્ઠ વકીલ એસ. મુરલીધર આ બાબતમાં ‘એમિકસ ક્યુરી’ તરીકે કામ કરી રહ્યા છે, તેમણે અદાલતનું ધ્યાન દોર્યું છે કે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોએ યોગ્ય સોગંદનામા કે અહેવાલો દ્વારા એ જણાવવું જરૂરી છે કે જિલ્લાવાર ‘બોર્ડ ઓફ વિઝિટર્સ’ની રચના કરવા અંગે અત્યાર સુધી શું પગલાં લેવામાં આવ્યા છે. પીઠે કહ્યું, ‘‘તે ખૂબ જ દુઃખદ બાબત છે કે અહેવાલમાં ઉલ્લેખિત રાજ્યો કેન્દ્રના ગૃહ મંત્રાલયને કોઈ જવાબ આપી રહ્યા નથી.’’ કોર્ટે કહ્યું કે ‘‘અમે આજે સ્પષ્ટ જણાવી દઈએ છીએ કે જો આગામી સુનાવણીની તારીખ સુધીમાં રાજ્યો જવાબ નહીં આપે, તો અમારે તે રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય સચિવો અથવા અગ્ર સચિવોને આ અદાલત સમક્ષ વ્યક્તિગત રીતે હાજર રહેવાનો આદેશ આપવો પડશે.’’ આ મામલાની આગામી સુનાવણી ૧૩ જાન્યુઆરીએ થશે.

૨ કરોડની લાંચ માગ્યાનો આરોપ

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે વિજિલન્સ તપાસને મંજૂરી

કેરળમાં PWD સચિવ તરીકેના કાર્યકાળ દરમિયાન રોડ પ્રોજેક્ટનાં બિલ પાસ કરવા લાંચ માગી હોવાનો આક્ષેપ

તિરુવનંતપુરમ, તા.૪

દેશના મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમાર સામે ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપો થતાં રાજકીય અને વહીવટી વર્તુળોમાં ચર્ચા શરૂ થઈ છે. કેરળ સરકારે તેમના અગાઉના કાર્યકાળ સાથે જોડાયેલા રૂ. ૨ કરોડની લાંચ માગવાના આરોપોની તપાસ માટે રાજ્યના વિજિલન્સ એન્ડ એન્ટી કરપ્શન બ્યુરો (VACB)ને મંજૂરી આપી છે. આ અંગે કેરળના મંત્રી રમેશ ચેન્નિતલાએ માહિતી આપી હતી.

મંત્રી રમેશ ચેન્નિતલાના જણાવ્યા અનુસાર, સજ્જન કુમાર નામના વ્યક્તિએ ફરિયાદમાં આક્ષેપ કર્યો છે કે જ્ઞાનેશ કુમારે કેરળમાં લોક નિર્માણ વિભાગ (PWD)ના સચિવ તરીકે ફરજ બજાવતા સમયે રોડ પ્રોજેક્ટનાં બિલ પાસ કરવા માટે રૂ. ૨ કરોડની લાંચ માગી હતી.આ મામલો તિરુવનંતપુરમથી અંગમાલી સુધીના મેન સેન્ટ્રલ રોડ પ્રોજેક્ટ સાથે સંકળાયેલો છે. આ પ્રોજેક્ટનું કામ 'PATI-BEL' નામના કન્સોર્ટિયમ દ્વારા કરવામાં આવી રહ્યું હતું.

આ સમગ્ર વિવાદમાં મલેશિયન કંપનીના પ્રોજેક્ટ ઓફિસર લી સી બીનની આત્મહત્યાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આક્ષેપ મુજબ, PWD દ્વારા પ્રોજેક્ટનાં બિલની ચુકવણી ન થતાં કંપની પર આર્થિક દબાણ વધ્યું હતું. જોકે, આર્થિક દબાણ અને આત્મહત્યા વચ્ચેના સંબંધ સહિતના તમામ મુદ્દાઓ તપાસનો વિષય છે.ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમની કલમ ૧૭છ હેઠળ તપાસ શરૂ કરવા માટે સક્ષમ સત્તાધિકારીની પૂર્વ મંજૂરી જરૂરી હોય છે. આ જોગવાઈ અંતર્ગત કાનૂની સલાહ અને મુખ્યમંત્રી સાથે ચર્ચા કર્યા બાદ તપાસની મંજૂરી આપવામાં આવી હોવાનું મંત્રીએ જણાવ્યું હતું.મળતી માહિતી મુજબ, આ મામલે વર્ષ ૨૦૦૬માં પણ તપાસ શરૂ કરવામાં આવી હતી, પરંતુ ત્યારબાદ તેને બંધ કરી દેવામાં આવી હતી. હવે નવી ફરિયાદોના આધારે આ મામલાને ફરી તપાસ માટે આગળ ધપાવવામાં આવી રહ્યો છે.વિજિલન્સ તપાસમાં લાંચના આક્ષેપો, પ્રોજેક્ટનાં બિલની ચુકવણી અને સંબંધિત દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવશે. હાલ આ તમામ બાબતો આરોપોના સ્તરે છે અને તપાસ પૂર્ણ થયા બાદ જ હકીકત સ્પષ્ટ થશે.

ટ્રમ્પનો મોટો નિર્ણય, ઈઝરાયેલને દર વર્ષે મળતા ૪ અબજ ડોલર બંધ

ઈઝરાયેલને અમેરિકાની વાર્ષિક સહાય બંધ થશે?

નેતન્યાહૂ સાથે સહમતિનો ટ્રમ્પનો દાવો, આર્થિક સહાય બંધ થશે, પણ અમેરિકાનું શસ્ત્ર વેચાણ ચાલુ રહેશે

વોશિંગ્ટન, તા.૪

અમેરિકામાં યોજાઈ રહેલી મધ્યાવધિ ચૂંટણીઓ ના ઘમાસાણ વચ્ચે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એક અત્યંત ચોંકાવનારી અને ઐતિહાસિક જાહેરાત કરી છે. ટ્રમ્પે સ્પષ્ટ કર્યું છે કે આ વર્ષ (૨૦૨૬) ના અંત પછી અમેરિકા દ્વારા ઈઝરાયલને દર વર્ષે આપવામાં આવતી ૪ અબજ ડોલરની આર્થિક સહાય સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવશે. ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ સાથે આ વાર્ષિક ફંડિંગ અટકાવવા અંગે સહમતિ બની હોવાનો દાવો કરતા ટ્રમ્પે ઉમેર્યું હતું કે ઈઝરાયલને હવે આર્થિક મદદની કોઈ જરૂર નથી. જોકે, તેમણે સ્પષ્ટતા કરી હતી કે અમેરિકા ઈઝરાયલને શસ્ત્રોનું વેચાણ ચાલુ રાખશે અને જો ભવિષ્યમાં કોઈ મોટી જરૂરિયાત ઊભી થશે તો અમેરિકા તેની પડખે ઊભું રહેશે.ટ્રમ્પના આ નિર્ણયથી અમેરિકા અને ઈઝરાયલ વચ્ચે દાયકાઓ જૂના સૈન્ય સંબંધોમાં મોટા ફેરફારના સંકેતો મળી રહ્યા છે. ટ્રમ્પના મતે આ નિર્ણયથી ઈઝરાયલને અપાતી અંધાધૂંધ મદદ મામલે રિપબ્લિકન પાર્ટી પર પ્રહારો કરતા વામપંથી ડેમોક્રેટ્સના તર્કો નબળા પડી જશે. આ જાહેરાત એવા સમયે કરવામાં આવી છે જ્યારે મિડટર્મ ચૂંટણીઓમાં ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટીના હાથમાંથી ‘હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ’ (પ્રતિનિધિ સભા) નું નિયંત્રણ છીનવાઈ જવાનો મોટો ખતરો મંડરાઈ રહ્યો છે.

વિરાટ કોહલીનો ઐતિહાસિક કારનામો

વન-ડેમાં નંબર-૩ પર ૧૩ હજાર રન પૂરા કરનાર કોહલી વિશ્વનો પ્રથમ બેટ્સમેન

ન્યૂઝીલેન્ડ સામેની પ્રથમ વન-ડેમાં રચ્યો નવો વિશ્વવિક્રમ; ઓસ્ટ્રેલિયાના દિગ્ગજ રિકી પોન્ટિંગને પાછળ છોડ્યો

ઓકલેન્ડ, તા.૪

ભારતીય ક્રિકેટના સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલીએ ફરી એકવાર પોતાની શાનદાર બેટિંગના જોરે વિશ્વ ક્રિકેટમાં નવો ઈતિહાસ રચ્યો છે. ન્યૂઝીલેન્ડ સામે ઓકલેન્ડના ઈડન પાર્ક ખાતે રમાયેલી પ્રથમ વન-ડે મેચમાં કોહલીએ એવી સિદ્ધિ હાંસલ કરી છે, જે આજ સુધી વિશ્વનો કોઈ બેટ્સમેન મેળવી શક્યો નથી. વન-ડે ક્રિકેટમાં ત્રીજા ક્રમે બેટિંગ કરીને ૧૩,૦૦૦ રન પૂરા કરનાર વિરાટ કોહલી વિશ્વનો પ્રથમ બેટ્સમેન બન્યો છે. આ સાથે તેણે ઓસ્ટ્રેલિયાના પૂર્વ કેપ્ટન રિકી પોન્ટિંગનો રેકોર્ડ પણ તોડી નાખ્યો છે. ન્યૂઝીલેન્ડ સામેની પ્રથમ વન-ડેમાં ભારતે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. ન્યૂઝીલેન્ડની ટીમ ૧૮૫ રનમાં ઓલઆઉટ થયા બાદ ભારતીય ટીમ લક્ષ્યનો પીછો કરવા મેદાનમાં ઉતરી હતી. આ દરમિયાન વિરાટ કોહલીએ પોતાની ઈનિંગના ૧૩મા બોલ પર ૧૩,૦૦૦ રનનો ઐતિહાસિક આંકડો પાર કર્યો હતો.

કોહલીએ ત્રીજા નંબર પર બેટિંગ કરતાં અત્યાર સુધી ૨૫૪ મેચની ૨૫૧ ઈનિંગ્સમાં ૧૩,૦૦૦ રન બનાવ્યા છે. આ દરમિયાન તેની બેટિંગ સરેરાશ ૬૧.૬૦ રહી છે. તેના નામે ૪૮ સદી અને ૬૯ અડધી સદી પણ નોંધાયેલી છે.

વન-ડે ક્રિકેટમાં ત્રીજા ક્રમે સૌથી વધુ રન બનાવવાના મામલે ઓસ્ટ્રેલિયાના પૂર્વ કેપ્ટન રિકી પોન્ટિંગ લાંબા સમયથી બીજા સ્થાને હતા. જોકે, વિરાટ કોહલીએ હવે તેમને પાછળ છોડી દીધા છે.

- વિરાટ કોહલી – ૧૩,૦૦૦થી વધુ રન
- રિકી પોન્ટિંગ – ૧૨,૬૬૨ રન

નોંધનીય છે કે વન-ડે ક્રિકેટમાં ત્રીજા ક્રમે બેટિંગ કરતાં ૧૦ હજારથી વધુ રન બનાવનારા વિશ્વના માત્ર આ બે જ બેટ્સમેન છે.

વિરાટ કોહલી પાસે ન્યૂઝીલેન્ડ સામેની આ મેચમાં વધુ એક મોટો રેકોર્ડ પોતાના નામે કરવાની તક હતી. ન્યૂઝીલેન્ડ સામે વન-ડે ક્રિકેટમાં સૌથી વધુ રન બનાવવાના મામલે ઓસ્ટ્રેલિયાના રિકી પોન્ટિંગ ૧,૯૭૧ રન સાથે પ્રથમ સ્થાને છે. મેચ પહેલાં કોહલીના નામે ૩૭ ઈનિંગ્સમાં ૧,૯૦૯ રન હતા. આથી પોન્ટિંગનો રેકોર્ડ તોડવા માટે કોહલીને વધુ ૬૩ રનની જરૂર હતી.

કોહલીની નજર હવે ક્રિકેટના ભગવાન ગણાતા સચિન તેંડુલકરના વધુ એક રેકોર્ડ પર પણ છે. વન-ડે ક્રિકેટમાં રન ચેઝ કરતી વખતે સૌથી વધુ રન બનાવવાનો રેકોર્ડ સચિન તેંડુલકરના નામે છે.

- સચિન તેંડુલકર – ૨૩૨ ઈનિંગ્સમાં ૮,૭૨૦ રન
- વિરાટ કોહલી – ૧૬૯ ઈનિંગ્સમાં ૮,૬૭૯ રન

આ બંને વચ્ચે માત્ર ૪૧ રનનું અંતર છે. આથી આગામી મેચોમાં કોહલી પાસે સચિનનો આ ઐતિહાસિક રેકોર્ડ તોડવાની પણ સુવર્ણ તક છે.

વિરાટ કોહલી ન્યૂઝીલેન્ડમાં ભારત માટે ૧,૦૦૦ આંતરરાષ્ટ્રીય રન પૂરા કરવાની નજીક પણ હતો. આ સિદ્ધિ માટે તેને ૪૭ રનની જરૂર હતી. અત્યાર સુધી સચિન તેંડુલકર, રાહુલ દ્રવિડ અને મોહમ્મદ અઝહરુદ્દીન જ ન્યૂઝીલેન્ડમાં ભારત માટે ૧,૦૦૦થી વધુ આંતરરાષ્ટ્રીય રન બનાવી શક્યા છે. આમ, વિરાટ કોહલી સતત નવા રેકોર્ડ બનાવીને વિશ્વ ક્રિકેટમાં પોતાનું વર્ચસ્વ સાબિત કરી રહ્યો છે. તેની આ સિદ્ધિ ભારતીય ક્રિકેટપ્રેમીઓ માટે ગૌરવની ક્ષણ બની છે.

રાહુલ ગાંધીનો પંજાબના મુખ્યમંત્રી પર ગંભીર આક્ષેપ

'સવારે ૧૧ વાગ્યે પણ મોઢામાંથી દારૂની વાસ આવતી હતી'

સંગરૂરમાં ઈન્સાફ રેલીને સંબોધતા AAP સરકાર પર પ્રહાર, પંજાબમાં ડ્રગ્સ અને ગેંગસ્ટરવાદ વધતા હોવાનો આરોપ

ચંદીગઢ, તા.૪

પંજાબમાં આગામી વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને રાજકીય માહોલ ગરમાયો છે. કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ સંગરૂરમાં યોજાયેલી 'ઈન્સાફ રેલી'ને સંબોધતા આમ આદમી પાર્ટીની સરકાર અને મુખ્યમંત્રી ભગવંત માન પર આકરા પ્રહારો કર્યા હતા. આ દરમિયાન તેમણે ભગવંત માન અંગે અંગત આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે, લોકસભામાં તેમની બાજુમાં બેસતા ભગવંત માન સવારે ૧૧ વાગ્યે પણ દારૂ પીધેલી હાલતમાં હોવાનો તેમને અનુભવ થયો હતો.

રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે, પંજાબમાં ડ્રગ્સની સમસ્યા સતત ગંભીર બની રહી છે. અગાઉ જ્યારે તેમણે રાજ્યમાં નશાખોરીનો મુદ્દો ઉઠાવ્યો હતો ત્યારે અનેક રાજકીય પક્ષોએ તેમની વાતને નકારી હતી. પરંતુ આજે સિન્થેટિક ડ્રગ્સ રાજ્ય માટે મોટો પડકાર બની ગયું છે. તેમના મતે, રાજ્યમાં ઉદ્યોગો અને રોજગારીની પૂરતી તકો ઊભી નહીં થાય તો યુવાનોમાં નશાખોરી અને ગેંગસ્ટરવાદ જેવી સમસ્યાઓ વધતી રહેશે.

રાહુલ ગાંધીએ AAP સરકાર પર નિશાન સાધતાં કહ્યું હતું કે, આમ આદમી પાર્ટીએ સત્તામાં આવતાં પહેલાં પંજાબમાંથી નશાખોરી નાબૂદ કરવાનું વચન આપ્યું હતું, પરંતુ તેમાં સરકાર સફળ રહી નથી. તેમણે વધુમાં આક્ષેપ કર્યો હતો કે, લોકસભામાં ભગવંત માન તેમની બાજુમાં બેસીને મજાક કરતા હતા અને સવારે ૧૧ વાગ્યે પણ તેમના મોઢામાંથી દારૂની વાસ આવતી હતી.

રાહુલ ગાંધીએ ઉમેર્યું હતું કે, દારૂ પીવો એ વ્યક્તિની અંગત બાબત હોઈ શકે છે, પરંતુ નશાખોરી સામે લડવા માટે નેતૃત્વએ પણ જવાબદારીપૂર્વક વર્તવું જોઈએ.રાહુલ ગાંધીએ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પર પણ પ્રહાર કરતાં કહ્યું હતું કે, તેઓ ત્રણ વર્ષમાં દેશમાંથી ડ્રગ્સ નાબૂદ કરવાની વાત કરે છે, પરંતુ ત્યાં સુધી તેમની સરકાર સત્તામાં રહેશે કે કેમ તે પણ સવાલ છે. તેમણે અદાણીના બંદરેથી ઝડપાયેલા ડ્રગ્સના મામલે પણ કેન્દ્ર સરકારને સવાલો કર્યા હતા.વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર પ્રહાર કરતાં રાહુલ ગાંધીએ દાવો કર્યો હતો કે, મોદી સરકાર અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના પ્રભાવ હેઠળ કામ કરી રહી છે. આ સાથે તેમણે કોંગ્રેસને દેશદ્રોહી ગણાવવાના ભાજપના આક્ષેપોને પણ પડકાર્યા હતા.

રેલી દરમિયાન રાહુલ ગાંધીએ દિવંગત પંજાબી ગાયક સિદ્ધૂ મૂસેવાલાની હત્યાનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો. તેમણે મૂસેવાલાના પિતા બલકૌર સિંહ સાથેની મુલાકાતનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, તેમના પુત્ર સાથે બનેલી ઘટના અત્યંત દુઃખદ છે. પંજાબમાં પ્રતિભાશાળી યુવાનોની સુરક્ષા અંગે ચિંતા વ્યક્ત કરતાં તેમણે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સુધારવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

સેન્સેક્સ ૩૮૩ પોઈન્ટ વધ્યો

શેરબજારમાં તેજીની હેટ્રિક બાદ પાંચમા દિવસે પણ ઉછાળો

નિફ્ટી ૨૩,૯૬૦ની સપાટીએ બંધ; મેટલ, રિયલ્ટી અને મીડિયા શેરોમાં જોરદાર ખરીદી, IT શેરોમાં ઘટાડો

મુંબઈ, તા.૪

ભારતીય શેરબજારમાં તેજીનો માહોલ સતત પાંચમા ટ્રેડિંગ સેશનમાં પણ યથાવત્ રહ્યો હતો. બુધવારે BSE સેન્સેક્સ ૩૮૩.૫૫ પોઈન્ટના ઉછાળા સાથે ૭૭,૩૦૧.૪૦ની સપાટીએ બંધ થયો હતો. જ્યારે NSE નિફ્ટી ૫૦માં ૧૪૯.૭૫ પોઈન્ટનો વધારો નોંધાયો હતો અને તે ૨૩,૯૬૦.૬૦ની સપાટીએ બંધ રહ્યો હતો. વૈશ્વિક બજારોના મિશ્ર સંકેતો વચ્ચે ક્રૂડ ઓઈલના ભાવમાં નરમાઈ અને વિદેશી રોકાણકારોની ખરીદીએ બજારને ટેકો આપ્યો હતો.

મોટા શેરોની સાથે મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં પણ ખરીદી જોવા મળી હતી. નિફ્ટી મિડકેપ ઈન્ડેક્સમાં આશરે ૧.૩ ટકાનો જ્યારે સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૨ ટકાનો ઉછાળો નોંધાયો હતો.

શેરોમાં ભારત ઈલેક્ટ્રોનિક્સ, ટાઈટન, અદાણી એન્ટરપ્રાઈઝિસ, જિયો ફાઈનાન્શિયલ અને મેક્સ હેલ્થકેરના શેરોમાં નોંધપાત્ર તેજી જોવા મળી હતી. ભારત ઈલેક્ટ્રોનિક્સનો શેર નિફ્ટીનો ટોચનો ગેઈનર રહ્યો હતો. બીજી તરફ TCS, ઈન્ફોસિસ, HCL ટેક્નોલોજી, કોલ ઈન્ડિયા અને મ્જીઈના શેરોમાં ઘટાડો નોંધાયો હતો. સેક્ટર મુજબ નિફ્ટી મીડિયા ઈન્ડેક્સમાં ૫ ટકા અને મેટલ ઈન્ડેક્સમાં ૨.૮ ટકાનો ઉછાળો નોંધાયો હતો. જ્યારે રિયલ્ટી શેરોમાં પણ ખરીદી રહી હતી. બીજી તરફ IT ઈન્ડેક્સ ૧.૫ ટકા ઘટીને બંધ રહ્યો હતો. વિદેશી રોકાણકારોની ભારતીય શેરબજારમાં વધતી ખરીદીએ રોકાણકારોનો વિશ્વાસ મજબૂત કર્યો છે. કાચા તેલના ભાવમાં નરમાઈ અને કંપનીઓનાં ત્રિમાસિક પરિણામો પણ બજારની ચાલ માટે મહત્ત્વપૂર્ણ પરિબળ બન્યાં છે. જોકે, અમેરિકાની મિડટર્મ ચૂંટણીનાં પરિણામો અને વૈશ્વિક રાજકીય અનિશ્ચિતતાને કારણે રોકાણકારો સાવચેતી પણ રાખી રહ્યા છે. પાંચ સત્રની સતત તેજીથી બજારમાં ફરી સકારાત્મક માહોલ જોવા મળી રહ્યો છે. જોકે, આગામી દિવસોમાં વૈશ્વિક સંકેતો, વિદેશી રોકાણકારોની ચાલ અને કંપનીઓનાં પરિણામો બજારની દિશા નક્કી કરશે.

એક કિલો ઘી રૂ.૫૦ મોંઘું, બટરના ભાવમાં વધારો

દિવાળી પહેલાં અમૂલે આપ્યો મોંઘવારીનો ઝટકો

અમૂલ ઘીનો ભાવ રૂ.૬૩૦થી વધીને રૂ.૬૮૦ થયો; ૧૦૦ ગ્રામ બટરનું પેક રૂ.૬૩ને બદલે રૂ.૬૬માં મળશે

નવી દિલ્હી, તા.૪

દિવાળીના તહેવાર પહેલાં જ અમૂલ દ્વારા ઘી અને બટરની કિંમતોમાં વધારો કરવામાં આવતાં ગ્રાહકોના ખિસ્સા પર વધુ ભાર પડશે. કંપનીએ એક કિલો ઘીના પેકેટની કિંમતમાં રૂ.૫૦નો વધારો કર્યો છે. જ્યારે ૧૦૦ ગ્રામ બટરના પેકેટના ભાવમાં રૂ.૩નો વધારો કરવામાં આવ્યો છે. તહેવારો દરમિયાન ઘી અને બટરની માંગ વધતી હોય છે ત્યારે ભાવવધારાથી ગૃહિણીઓના બજેટ પર અસર થવાની શક્યતા છે. અમૂલ દ્વારા કરવામાં આવેલા ભાવવધારા મુજબ, એક કિલો ઘીના પેકેટની કિંમત અગાઉ રૂ.૬૩૦ હતી, જે વધારીને રૂ.૬૮૦ કરવામાં આવી છે. એટલે કે ગ્રાહકોએ હવે એક કિલો ઘી ખરીદવા માટે રૂ.૫૦ વધુ ચૂકવવા પડશે.

તેવી જ રીતે, ૧૦૦ ગ્રામ બટરના પેકેટની કિંમત રૂ.૬૩થી વધારીને રૂ.૬૬ કરવામાં આવી છે. આમ, બટરના ભાવમાં પણ રૂ.૩નો વધારો થયો છે. ઉલ્લેખનીય છે કે સપ્ટેમ્બર ૨૦૨૫માં GSTના દરોમાં ઘટાડા બાદ અમૂલે તેની અનેક ડેરી પ્રોડક્ટ્સના ભાવમાં ઘટાડો કર્યો હતો. તે સમયે ઘી અને બટર સહિત આશરે ૭૦૦ જેટલી પ્રોડક્ટ્સના ભાવમાં રાહત આપવામાં આવી હતી.

અગાઉ એક કિલો ઘીનો ભાવ રૂ.૬૫૦થી ઘટાડીને રૂ.૬૧૦ કરવામાં આવ્યો હતો. જ્યારે પાંચ લિટરના ઘીના ટિનની કિંમત રૂ.૩,૨૭૫થી ઘટાડીને રૂ.૩,૦૭૫ કરવામાં આવી હતી. બટરના ૧૦૦ ગ્રામના પેકેટનો ભાવ રૂ.૬૨થી ઘટાડીને રૂ.૫૮ અને ૫૦૦ ગ્રામના પેકેટનો ભાવ રૂ.૩૦૫થી ઘટાડીને રૂ.૨૮૫ કરવામાં આવ્યો હતો. હવે ફરી ભાવવધારો થતાં ગ્રાહકોને મોંઘવારીનો સામનો કરવો પડશે. એક તરફ ઘી અને બટરના ભાવમાં વધારો થયો છે, તો બીજી તરફ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં અમૂલ ઘીની અછતની સમસ્યા પણ સામે આવી રહી છે. અમદાવાદ અને વડોદરાના વેપારીઓના જણાવ્યા અનુસાર બજારમાં અમૂલ ઘીનો સ્ટોક ઘટી રહ્યો છે. ખાસ કરીને અમૂલ ગાય ઘીની ઉપલબ્ધતા પર અસર જોવા મળી રહી છે.

વેપારીઓના જણાવ્યા અનુસાર, ગણેશોત્સવ બાદ ઘીની માંગમાં વધારો થતાં સપ્લાય પર અસર પડી છે. અમદાવાદના સેટેલાઈટ વિસ્તારમાં આવેલા એક ડી-માર્ટ સ્ટોરમાં મંગળવારે અમૂલ ઘી અને બટરનો સ્ટોક ખતમ થઈ ગયો હોવાનો પણ અહેવાલ છે.

આ સમસ્યા માત્ર ગુજરાત પૂરતી મર્યાદિત નથી. અગાઉ જુલાઈ અને સપ્ટેમ્બર દરમિયાન પુણે તથા કોલકાતામાં પણ અમૂલની ડેરી પ્રોડક્ટ્સના સપ્લાયમાં ઘટાડાની ફરિયાદો સામે આવી હતી. બીજી તરફ, કર્ણાટકમાં પણ દૂધના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે. રાજ્ય સરકારે ૨૯ ઓક્ટોબરે નંદિની દૂધના ભાવમાં પ્રતિ લિટર રૂ.૮નો વધારો મંજૂર કર્યો હતો. આ વધારા બાદ ટોન્ડ દૂધના એક લિટરના પેકેટની કિંમત રૂ.૪૬થી વધીને રૂ.૫૪ થઈ છે. અહેવાલ મુજબ, વધારાના રૂ.૮માંથી રૂ.૭ પ્રતિ લિટર ડેરી ખેડૂતોને આપવામાં આવશે, જ્યારે બાકીના રૂ.૧ ડેરી યુનિયનને મળશે. પશુઆહાર, દવાઓ, પરિવહન અને પેકેજિંગના વધતા ખર્ચને ધ્યાનમાં રાખીને આ ભાવવધારો કરવામાં આવ્યો હોવાનું જણાવાયું છે. દિવાળી જેવા મોટા તહેવાર પહેલાં ઘી અને બટરના ભાવમાં થયેલા વધારાથી સામાન્ય ગ્રાહકોના ઘરખર્ચમાં વધારો થવાની શક્યતા છે. ખાસ કરીને તહેવારો દરમિયાન મીઠાઈ અને ફરસાણ બનાવવામાં ઘી તથા બટરનો વધુ ઉપયોગ થતો હોવાથી આ ભાવવધારાની અસર બજેટ પર જોવા મળી શકે છે.

ગુજરાતના સરકારી કર્મચારીઓ માટે ખુશખબર

૮.૮૨ લાખ કર્મચારીઓ અને પેન્શનરોને મળી શકે છે લાભ

મોંઘવારી ભથ્થામાં ૩ ટકાના વધારાને મંજૂરીની શક્યતા ૪ લાખથી વધુ કર્મચારીઓ અને પેન્શનરોને મળી શકે

ગાંધીનગર, તા.૪

ગુજરાત રાજ્યના સરકારી કર્મચારીઓ અને પેન્શનરો માટે દિવાળી પહેલાં રાહતના સમાચાર સામે આવ્યા છે. રાજ્ય સરકાર દ્વારા મોંઘવારી ભથ્થા (DA)માં ૩ ટકાનો વધારો કરવાની તૈયારી હોવાના અહેવાલથી કર્મચારીઓમાં ખુશીની લાગણી જોવા મળી રહી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટ બેઠકમાં આ મુદ્દે ચર્ચા થઈ હોવાનું જાણવા મળે છે. જોકે, આ અંગેની સત્તાવાર જાહેરાત અને અમલીકરણની તારીખની વિગતો જાહેર થવાની બાકી છે. રાજ્યમાં ૪ લાખથી વધુ સક્રિય સરકારી કર્મચારીઓ અને અંદાજે ૪.૮૨ લાખ પેન્શનરો મોંઘવારી ભથ્થાના વધારાની રાહ જોઈ રહ્યા છે. જો ૩ ટકાનો વધારો અમલમાં આવશે તો આ વિશાળ કર્મચારી અને પેન્શનર વર્ગને આર્થિક રાહત મળી શકે છે. નવા દર કઈ તારીખથી લાગુ થશે અને કયા કર્મચારીઓને તેનો લાભ મળશે તે અંગે સત્તાવાર પરિપત્ર બાદ જ સ્પષ્ટતા થશે. ઉલ્લેખનીય છે કે મે ૨૦૨૬માં રાજ્ય સરકારે સાતમા પગારપંચ હેઠળ મોંઘવારી ભથ્થામાં ૨ ટકાનો વધારો કર્યો હતો. જેના પગલે હ્રછનો દર ૫૮ ટકાથી વધીને ૬૦ ટકા થયો હતો. હવે વધુ ૩ ટકાનો વધારો મંજૂર થાય તો મોંઘવારી ભથ્થાનો દર વધીને ૬૩ ટકા થઈ શકે છે. જો કોઈ કર્મચારીનો મૂળ પગાર રૂ.૩૦,૦૦૦ હોય તો હાલના ૬૦ ટકા DA પ્રમાણે તેને દર મહિને રૂ.૧૮,૦૦૦ મોંઘવારી ભથ્થું મળે છે. ૩ ટકાના વધારા બાદ DA ૬૩ ટકા થાય તો આ રકમ રૂ.૧૮,૯૦૦ થશે. એટલે કે કર્મચારીના માસિક પગારમાં રૂ.૯૦૦નો વધારો થઈ શકે છે. કેબિનેટ બેઠકમાં કર્મચારીઓના પ્રશ્નો ઉપરાંત ખેડૂતો અને સિંચાઈના પાણીના આયોજન અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. આગામી શિયાળુ પાક માટે પાણીની ઉપલબ્ધતા અને ફાળવણી અંગે સરકાર દ્વારા વિચારણા કરવામાં આવી રહી છે. સૌપ્રથમ પીવાના પાણીનો જથ્થો અનામત રાખ્યા બાદ વધારાનું પાણી શિયાળુ પાક માટે ફાળવવા અંગે નિર્ણય લેવામાં આવી શકે છે. સૌરાષ્ટ્રમાં સૌની યોજના અને ઉત્તર ગુજરાતમાં સુજલામ સુફલામ યોજના હેઠળ સિંચાઈ માટે પાણીની ઉપલબ્ધતાની સમીક્ષા પણ કરવામાં આવશે.

સરકારી કર્મચારીઓ માટે ૯ નવેમ્બર, સોમવારના રોજ પડતર દિવસ નિમિત્તે જાહેર રજા રાખવા અંગે પણ સૈદ્ધાંતિક સંમતિ મળી હોવાનો અહેવાલ છે. આ રજાના બદલામાં ૧૨ ડિસેમ્બરના બીજા શનિવારે કચેરીઓમાં કામગીરી કરવાનો પ્રસ્તાવ છે. આ અંગેનો અંતિમ નિર્ણય અને સત્તાવાર પરિપત્ર જાહેર થયા બાદ જ રજાની સ્થિતિ સ્પષ્ટ થશે.

દિવાળી પહેલાં મોંઘવારી ભથ્થામાં સંભવિત વધારો અને રજાના મુદ્દે લેવાયેલા નિર્ણયોને લઈને રાજ્યના સરકારી કર્મચારીઓની નજર હવે સરકારની સત્તાવાર જાહેરાત પર ટકેલી છે.

ગુજરાત સરકારના કર્મચારીઓ માટે ખુશખબર

દિવાળી પર સળંગ ૪ દિવસનું 'મિનિ વેકેશન'

૯ નવેમ્બર 'પડતર દિવસ'ની રજા જાહેર; બદલામાં ૨૮ નવેમ્બર (ચોથા શનિવારે) કચેરીઓ ચાલુ રાખવા નિર્ણય

ગાંધીનગર, તા.૪

દિવાળીના પવિત્ર તહેવારોને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકાર દ્વારા રાજ્યના સરકારી કર્મચારીઓ માટે મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. સામાન્ય વહીવટ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલા સત્તાવાર પરિપત્ર મુજબ, આ વર્ષે કર્મચારીઓને દિવાળી પર સળંગ ૪ દિવસનું 'મિનિ વેકેશન' મળશે.

સરકારે તારીખ ૯ નવેમ્બર (સોમવાર)ના રોજ આવતા 'પડતર દિવસ'ને રજા તરીકે જાહેર કર્યો છે, જેથી કર્મચારીઓ પોતાના પરિવાર સાથે ઉત્સાહભેર તહેવારની ઉજવણી કરી શકે.

૪ દિવસનું રજા શેડ્યૂલ

૦૮ નવેમ્બર (રવિવાર): દિવાળી (જાહેર રજા), ૦૯ નવેમ્બર (સોમવાર): પડતર દિવસ (વિશેષ રજા) ૧૦ નવેમ્બર (મંગળવાર): નૂતન વર્ષ /બેસતું વર્ષ (જાહેર રજા), ૧૧ નવેમ્બર (બુધવાર): ભાઈબીજ (જાહેર રજા),સોમવાર, ૯ નવેમ્બરના 'પડતર દિવસ'ની રજાના બદલામાં આગામી ૨૮ નવેમ્બર, ૨૦૨૬ (ચોથા શનિવાર)ના રોજ રાજ્યની તમામ સરકારી કચેરીઓ ચાલુ રહેશે અને કર્મચારીઓએ નિયમિત કામકાજ કરવાનું રહેશે.

આ આદેશ ગુજરાત સરકારની તમામ કચેરીઓ ઉપરાંત રાજ્ય સરકાર હસ્તકના બોર્ડ, કોર્પોરેશન અને પંચાયત કચેરીઓને પણ સમાન રીતે લાગુ પડશે. જોકે, આ રજા નેગોશિયેબલ ઈન્સ્ટ્રૂમેન્ટ્સ એક્ટ (NI Act) હેઠળ જાહેર કરવામાં આવી નથી.

CDS જનરલ એન. એસ. રાજા સુબ્રમણિની જાહેરાત

૭૫% અગ્નિવીરોને હવે ૪ નહીં, ૬ વર્ષ સુધી મળશે સેનામાં સેવા કરવાની તક

ચાર વર્ષનો કાર્યકાળ પૂર્ણ થયા બાદ પસંદગીના ૭૫% અગ્નિવીરોને વધુ બે વર્ષનું સર્વિસ એક્સટેન્શન મળશે

નવી દિલ્હી, તા.૪

ભારતીય સશસ્ત્ર દળોમાં સેવા આપતા અગ્નિવીરો માટે મહત્ત્વના સમાચાર સામે આવ્યા છે. ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (CDS) જનરલ એન.એસ. રાજા સુબ્રમણિએ અગ્નિવીરોના સેવાકાળને લઈને મોટી જાહેરાત કરી છે. મળતી માહિતી મુજબ, અગ્નિપથ યોજના હેઠળ ચાર વર્ષનો કાર્યકાળ પૂર્ણ કરનારા ૭૫ ટકા અગ્નિવીરોને વધુ બે વર્ષ સુધી સેવામાં રહેવાની તક આપવામાં આવશે. આ નિર્ણયથી હવે પસંદગીના અગ્નિવીરોનો કુલ સેવાકાળ ચાર વર્ષથી વધીને છ વર્ષ થઈ શકશે.

અત્યાર સુધી અગ્નિપથ યોજના હેઠળ ચાર વર્ષનો સેવાકાળ પૂર્ણ થયા બાદ માત્ર ૨૫ ટકા અગ્નિવીરોને નિયમિત કેડરમાં સામેલ કરવાની જોગવાઈ હતી. જ્યારે બાકીના ૭૫ ટકા અગ્નિવીરોને સેવા પૂર્ણ થયા બાદ સેનામાંથી મુક્ત કરવામાં આવતા હતા. જોકે, નવા નિર્ણય મુજબ નિયમિત કેડરમાં સામેલ ન થનારા પસંદગીના ૭૫ ટકા અગ્નિવીરોને વધુ બે વર્ષ સેવા કરવાની તક મળશે. આ સેવા લંબાવવાનો નિર્ણય સંબંધિત અગ્નિવીરની સંમતિ અને પસંદગીના આધારે રહેશે.

આ જાહેરાત એવા સમયે કરવામાં આવી છે જ્યારે અગ્નિપથ યોજના હેઠળ ભરતી થયેલા પ્રથમ બેચના અગ્નિવીરોનો ચાર વર્ષનો કાર્યકાળ પૂર્ણ થવા જઈ રહ્યો છે. નવેમ્બર ૨૦૨૬ના મધ્યથી પ્રથમ બેચના અગ્નિવીરોને તબક્કાવાર મુક્ત કરવાની પ્રક્રિયા શરૂ થવાની હતી.

પ્રથમ બેચમાં ત્રણેય સૈન્ય પાંખોમાં કુલ ૨૪,૪૦૦ અગ્નિવીરોની ભરતી કરવામાં આવી હતી. જેમાં આશરે ૧૮,૩૦૦ અગ્નિવીરો ચાર વર્ષ પૂર્ણ થયા બાદ સેવામાંથી બહાર થવાના હતા.

કેન્દ્ર સરકારે જૂન ૨૦૨૨માં ભારતીય સેનાને વધુ યુવા અને આધુનિક બનાવવા માટે અગ્નિપથ યોજનાની શરૂઆત કરી હતી. આ યોજના હેઠળ આર્મી, નેવી અને એરફોર્સમાં ચાર વર્ષ માટે અગ્નિવીરોની ભરતી કરવામાં આવે છે.

ચાર વર્ષનો કાર્યકાળ પૂર્ણ થયા બાદ ૨૫ ટકા અગ્નિવીરોને નિયમિત સૈન્ય કેડરમાં સામેલ કરવાની જોગવાઈ છે. આ ઉપરાંત બાકીના અગ્નિવીરોને સેવા પૂર્ણ થયા બાદ અન્ય ક્ષેત્રોમાં રોજગારીની તકો મળે તે માટે વિવિધ વ્યવસ્થાઓ કરવામાં આવી છે.

હાલમાં ભારતીય સશસ્ત્ર દળોમાં અગ્નિવીરોની નોંધપાત્ર સંખ્યા સેવા આપી રહી છે. ઉપલબ્ધ અહેવાલ મુજબ, ભારતીય આર્મીમાં આશરે ૨.૭૦ લાખ, એરફોર્સમાં ૨૭ હજાર અને નેવીમાં લગભગ ૨૧ હજાર અગ્નિવીરો કાર્યરત છે.

સૈન્યમાં અગ્નિવીરોના પ્રદર્શન અને તેમની કાર્યક્ષમતાને ધ્યાનમાં રાખીને સેવા લંબાવવાનો નિર્ણય મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે. જોકે, આ નિર્ણયના અમલીકરણ, પસંદગીના માપદંડો અને અન્ય શરતો અંગેની સત્તાવાર વિગતોની સ્પષ્ટતા થવી જરૂરી છે.

અમેરિકી સેનેટમાં પ્રથમ મુસ્લિમ તરીકે ચૂંટાયા

અબ્દુલ અલ-સૈયદે મિશિગનથી રિપબ્લિકન ઉમેદવારને હરાવી

વ્યવસાયે ડોક્ટર અને પ્રગતિશીલ વિચારધારા ધરાવતા અલ-સૈયદની જીતને મહત્ત્વપૂર્ણ ઘટના માનવામાં આવે છે

વોશિંગ્ટન, તા.૪

અમેરિકાની મધ્યસત્ર ચૂંટણીમાં ડેમોક્રેટિક પાર્ટીના ઉમેદવાર અબ્દુલ અલ-સૈયદે ઐતિહાસિક જીત મેળવી છે. મિશિગન રાજ્યની સેનેટ બેઠક પર તેમણે રિપબ્લિકન ઉમેદવાર માઈક રોજર્સને હરાવી અમેરિકી સેનેટમાં ચૂંટાનારા પ્રથમ મુસ્લિમ બનવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું છે. વ્યવસાયે ડોક્ટર અને પ્રગતિશીલ વિચારધારા ધરાવતા અલ-સૈયદની જીતને અમેરિકાના રાજકીય ઈતિહાસમાં મહત્ત્વપૂર્ણ ઘટના માનવામાં આવી રહી છે. અલ-સૈયદ અગાઉ વેન કાઉન્ટીના સ્વાસ્થ્ય વિભાગના ડિરેક્ટર તરીકે ફરજ બજાવી ચૂક્યા છે. આ વર્ષે યોજાયેલી ડેમોક્રેટિક પાર્ટીની પ્રાઈમરી ચૂંટણીમાં તેમણે પાર્ટીના સ્થાપિત નેતૃત્વના સમર્થન ધરાવતા હેલી સ્ટીવન્સને હરાવી સૌનું ધ્યાન ખેંચ્યું હતું. ત્યારબાદ મુખ્ય ચૂંટણીમાં રિપબ્લિકન ઉમેદવાર માઈક રોજર્સ સામે પણ તેમણે જીત મેળવી હતી.

પોતાની જીત બાદ અલ-સૈયદે સમર્થકોને સંબોધતા કહ્યું હતું કે, મતદારોએ તેમને પોતાના ઘરો, ચર્ચ અને યહૂદી પ્રાર્થનાસ્થળો સુધી આવકાર્યા હતા. તેમણે દોઢ વર્ષથી મિશિગનનાં મોટાં શહેરોથી લઈને નાનાં ગામડાં સુધી ચાલેલા જનસંપર્ક અભિયાનને જીતનું શ્રેય આપ્યું હતું. મુશ્કેલ સમયમાં મતદારોએ તેમને હિંમત અને શક્તિ આપી હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

અબ્દુલ અલ-સૈયદનો ભારત સાથે પણ ખાસ સંબંધ છે. તેમનાં પત્ની ડો. સારા જુકાકૂનો પરિવાર દક્ષિણ ભારતના કર્ણાટક રાજ્ય સાથે જોડાયેલો છે. તેમનો પરિવાર મેંગલુરુથી આશરે ૧૪૦ કિલોમીટર દૂરના વિસ્તાર સાથે સંબંધ ધરાવે છે.

ડો. સારા જુકાકૂના દાદા શમશુદ્દીન મૈસૂર રાજ્યના રાજકારણમાં સક્રિય રહ્યા હતા. તેમણે તત્કાલીન મુખ્યમંત્રી બી.ડી. જત્તીના કાર્યકાળ દરમિયાન નાયબ નાણામંત્રી તરીકે જવાબદારી નિભાવી હતી.

રોડ્સ સ્કોલર રહેલા અલ-સૈયદની મુલાકાત ડો. સારા સાથે મિશિગન યુનિવર્સિટીમાં અભ્યાસ દરમિયાન થઈ હતી. ત્યારબાદ બંનેએ લગ્ન કર્યા હતા. એક મુલાકાતમાં અલ-સૈયદે દક્ષિણ ભારતીય પરિવાર સાથેના પોતાના સંબંધ અંગે કહ્યું હતું કે, તેમના લગ્નને ૨૦ વર્ષ થઈ ગયાં છે અને હવે તેઓ ભારતીય પરિવારની સંસ્કૃતિ સાથે સંપૂર્ણ રીતે હળીભળી ગયા છે. તેમણે હળવાશથી એવું પણ કહ્યું હતું કે અરબી હોવા છતાં તેઓ કદાચ વધુ ભારતીય બની ગયા છે.

ચૂંટણી પ્રચાર દરમિયાન અલ-સૈયદને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને રિપબ્લિકન નેતાઓના આકરા વિરોધનો સામનો કરવો પડ્યો હતો. તેમના નામ અને મુસ્લિમ ઓળખને લઈને પણ રાજકીય નિવેદનો કરવામાં આવ્યાં હતાં. ટ્રમ્પે તેમના પર ઉગ્રવાદી સંગઠનો સાથે સંબંધ હોવાના આક્ષેપો કર્યા હતા, જેને અલ-સૈયદે નકારી કાઢ્યા હતા. અલ-સૈયદે ચૂંટણી પ્રચાર દરમિયાન મોંઘવારી, ગેસના ભાવ અને સામાન્ય નાગરિકોની આર્થિક મુશ્કેલીઓ જેવા મુદ્દાઓને પ્રાથમિકતા આપી હતી. તેમના મતે, જનતાના રોજિંદા પ્રશ્નો પર ચર્ચા કરવાને બદલે ઓળખ અને ધર્મના આધારે સમાજમાં વિભાજન ઊભું કરવાનો પ્રયાસ થયો હતો.

બીજી તરફ, રિપબ્લિકન ઉમેદવાર માઈક રોજર્સ અગાઉ કોંગ્રેસના સભ્ય રહી ચૂક્યા છે અને તેમને ડોનાલ્ડ ટ્રમ્પનું સમર્થન પણ પ્રાપ્ત હતું. વર્ષ ૨૦૨૪ની સેનેટ ચૂંટણીમાં તેઓ ડેમોક્રેટિક ઉમેદવાર એલિસા સ્લોટકિન સામે નજીવા મતફેરથી હારી ગયા હતા. હવે ૨૦૨૬ની ચૂંટણીમાં પણ અબ્દુલ અલ-સૈયદ સામે હારનો સામનો કરવો પડ્યો છે. અલ-સૈયદની જીતથી અમેરિકી સેનેટમાં મુસ્લિમ સમુદાયનું પ્રથમ પ્રતિનિધિત્વ નોંધાશે. સાથે જ ભારત સાથે પારિવારિક સંબંધ ધરાવતા આ નેતાની જીત ભારતીય મૂળના લોકોમાં પણ ચર્ચાનો વિષય બની છે.

અર્શદીપની બોલિંગ સામે કિવી બેટ્સમેનો નિષ્ફળ

પ્રથમ વનડેમાં ભારતની શાનદાર જીત; ન્યૂઝીલેન્ડને ૫ વિકેટે હરાવ્યું

વિરાટ કોહલીએ ફિફ્ટી ફટકારીને ટીમ ઈન્ડિયાને પ્રથમ વનડેમાં DLS હેઠળ જીત અપાવી

ઓકલેન્ડ, તા.૪

ભારતે ન્યૂઝીલેન્ડ સામેની પાંચ મેચની વનડે સિરીઝની શરૂઆત જીત સાથે કરી છે. બુધવારે ઓકલેન્ડના ઈડન પાર્કમાં રમાયેલી પ્રથમ વનડેમાં ભારતીય ટીમે ડકવર્થ-લુઈસ-સ્ટર્ન (DLS) પદ્ધતિ હેઠળ ન્યૂઝીલેન્ડને ૫ વિકેટે હરાવ્યું હતું. ભારત તરફથી અર્શદીપ સિંહે શાનદાર બોલિંગ કરતાં ચાર વિકેટ ઝડપી હતી, જ્યારે વિરાટ કોહલીએ ૫૧ બોલમાં ૭૪ રનની આક્રમક ઈનિંગ્સ રમી ટીમની જીતમાં મહત્ત્વનું યોગદાન આપ્યું હતું.

ટોસ જીતીને ભારતીય કેપ્ટને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. ભારતીય બોલરોએ આ નિર્ણયને યોગ્ય સાબિત કરતાં ન્યૂઝીલેન્ડના બેટ્સમેનોને મોટો સ્કોર નોંધાવતા અટકાવ્યા હતા. કિવી ટીમ ૪૦.૨ ઓવરમાં ૧૮૫ રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી. ન્યૂઝીલેન્ડ તરફથી ઓપનર ટિમ સાઈફર્ટે ૩૮ રન બનાવ્યા હતા. તેણે ત્રણ ચોગ્ગા અને બે છગ્ગા ફટકાર્યા હતા. બ્લેયર ટિકનરે ૩૪ રનનું યોગદાન આપ્યું હતું. જોકે, ભારતીય બોલરોના શાનદાર પ્રદર્શન સામે અન્ય બેટ્સમેનો લાંબી ઈનિંગ્સ રમી શક્યા નહોતા. ભારત તરફથી અર્શદીપ સિંહે સૌથી વધુ ચાર વિકેટ ઝડપી હતી.

૧૮૬ રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ભારતીય ટીમની શરૂઆત નિરાશાજનક રહી હતી. પ્રથમ જ ઓવરમાં રોહિત શર્મા ખાતું ખોલ્યા વિના પેવેલિયન પરત ફર્યો હતો. જોકે, ત્યારબાદ વિરાટ કોહલી અને શુભમન ગિલે જવાબદારી સંભાળી હતી. બંને બેટ્સમેનોએ બીજી વિકેટ માટે ૧૧૩ રનની મહત્ત્વપૂર્ણ ભાગીદારી નોંધાવી હતી. શુભમન ગિલે ૫૬ બોલમાં પાંચ ચોગ્ગાની મદદથી ૩૭ રન બનાવ્યા હતા. બીજી તરફ કોહલીએ માત્ર ૫૧ બોલમાં ૧૩ ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી ૭૪ રન ફટકારી ન્યૂઝીલેન્ડના બોલરો પર દબાણ ઊભું કર્યું હતું.

ગિલ આઉટ થયા બાદ વિરાટ કોહલી પણ પેવેલિયન પરત ફર્યો હતો. ત્યારબાદ અક્ષર પટેલ માત્ર બે બોલ રમીને આઉટ થયો હતો. ભારતે ૧૨૪ રનના સ્કોરે ચોથી વિકેટ ગુમાવી હતી. આગળ શ્રેયસ અય્યર પણ ૧૫ રન બનાવી આઉટ થયો હતો. આમ, ૧૩૬ રનના સ્કોરે ભારતે પાંચમી વિકેટ ગુમાવી હતી. જોકે, ત્યારબાદ કેએલ રાહુલ અને નમન ધીરે સંયમપૂર્વક બેટિંગ કરીને ટીમને જીત સુધી પહોંચાડી હતી. મેચ દરમિયાન વારંવાર વરસાદ પડતાં રમતને અસર થઈ હતી. પરિણામે ડકવર્થ-લુઈસ-સ્ટર્ન પદ્ધતિ હેઠળ ભારતીય ટીમને ૩૨ ઓવરમાં ૧૪૩ રનનો સુધારેલો લક્ષ્યાંક આપવામાં આવ્યો હતો. ભારતે ૨૨.૫ ઓવરમાં પાંચ વિકેટ ગુમાવીને આ લક્ષ્યાંક હાંસલ કરી લીધો હતો. આ જીત સાથે ભારતીય ટીમે પાંચ મેચની વનડે સિરીઝમાં વિજયી શરૂઆત કરી છે. અર્શદીપની ચાર વિકેટ અને કોહલીની અડધી સદી ભારતની જીતનાં મુખ્ય આકર્ષણ રહ્યાં હતાં.

ભારતે વન-ડે સીરિઝની પાંચ મેચોમાંથી ૧-૦ની સરસાઈ મેળવી લીધી છે. હવે શ્રેણીની બીજી વન-ડે મેચ શનિવાર, ૭ નવેમ્બર ૨૦૨૬ના રોજ વેલિંગ્ટન ખાતે યોજાશે. ત્યારબાદ ત્રીજી વન-ડે મંગળવાર, ૧૦ નવેમ્બરે હેમિલ્ટનમાં રમાશે. ચોથી અને પાંચમી વન-ડે મેચ માઉન્ટ મૌંગાનુઈ ખાતે અનુક્રમે શુક્રવાર, ૧૩ નવેમ્બર અને રવિવાર, ૧૫ નવેમ્બરના રોજ રમાશે. આ તમામ વન-ડે મેચો ભારતીય સમય મુજબ સવારે ૭:૩૦ વાગ્યે શરૂ થશે. વન-ડે શ્રેણી પૂર્ણ થયા બાદ ટેસ્ટ શ્રેણીની શરૂઆત થશે, જેમાં પ્રથમ ટેસ્ટ મેચ ગુરુવાર, ૧૯ નવેમ્બરથી ૨૩ નવેમ્બર ૨૦૨૬ દરમિયાન વેલિંગ્ટનમાં યોજાશે.

૧૦૮ બૌદ્ધ સ્તૂપમાંથી ૭૬મો સ્તૂપ તેમના નામે સમર્પિત

ભૂટાન સરકારનું વડાપ્રધાન નરેન્દ્ર મોદીને વિશેષ સન્માન

ગેલેફુ માઈન્ડફુલનેસ સિટીમાં બનાવાયા ૧૦૮ સ્તૂપ; ભૂટાનના રાજા અને કિરણ રિજિજૂએ તકતીનું કર્યું અનાવરણ

નવી દિલ્હી/થિમ્પુ, તા.૪

ભારત અને ભૂટાન વચ્ચેના ગાઢ સંબંધોનું વધુ એક પ્રતીક સામે આવ્યું છે. ભૂટાન સરકારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને વિશેષ સન્માન આપતાં ૧૦૮ બૌદ્ધ સ્તૂપમાંથી ૭૬મો સ્તૂપ તેમના નામે સમર્પિત કર્યો છે. જાંગચુબ ચોર્ટેન નામથી ઓળખાતા આ સ્તૂપને ભારત અને ભૂટાન વચ્ચેની મિત્રતા, આધ્યાત્મિક જોડાણ અને સહિયારા સાંસ્કૃતિક વારસાના પ્રતીક તરીકે જોવામાં આવે છે. આ સન્માન બદલ વડાપ્રધાન મોદીએ ભૂટાનના રાજા અને ત્યાંના લોકોનો આભાર વ્યક્ત કર્યો છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને ભૂટાનના રાજા અને નાગરિકો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે આ સન્માન તેમના માટે ભાવુક કરી દેનારી ક્ષણ છે અને તેઓ તેને ભારતની જનતા વતી સ્વીકારે છે. મોદીએ વધુમાં જણાવ્યું હતું કે આ સ્તૂપ આવનારા સમયમાં ભારત અને ભૂટાન વચ્ચેના મજબૂત સંબંધો તેમજ બંને દેશોના સહિયારા આધ્યાત્મિક અને સાંસ્કૃતિક વારસાની યાદ અપાવતો રહેશે.

વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, ૧ નવેમ્બર, ૨૦૨૬ના રોજ ભૂટાનના ગેલેફુ માઈન્ડફુલનેસ સિટીમાં એક વિશેષ આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. આ દરમિયાન માત્ર છ કલાકમાં ૧૦૮ બૌદ્ધ સ્તૂપોનું નિર્માણ કરવામાં આવ્યું હતું. આ આયોજનમાં ૭૬મો જાંગચુબ ચોર્ટેન વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સમર્પિત કરવામાં આવ્યો હતો. આ સિદ્ધિને ભૂટાનના ધાર્મિક અને સાંસ્કૃતિક ઈતિહાસની મહત્ત્વપૂર્ણ ઘટના તરીકે જોવામાં આવી રહી છે.

૭૬મા સ્તૂપને વડાપ્રધાન મોદીને સમર્પિત કરતી તકતીનું અનાવરણ ભૂટાનના રાજા અને ભારતના કેન્દ્રીય મંત્રી કિરણ રિજિજૂ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભૂટાનના રાજા, રાણી ગ્યાલ્ત્સુએન, વડાપ્રધાન દાશો શેરિંગ તોબગે સહિત અનેક મહાનુભાવો અને સ્થાનિક નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. ધાર્મિક પરંપરા મુજબ ડુંગચેન નામના પરંપરાગત વાદ્યના નાદ સાથે સ્તૂપોની સ્થાપના અને અભિષેકની વિધિ પૂર્ણ કરવામાં આવી હતી. કેન્દ્રીય મંત્રી કિરણ રિજિજૂના જણાવ્યા અનુસાર, ૧૦૮ બૌદ્ધ સ્તૂપોના નિર્માણમાં ૪૦ હજારથી વધુ સ્વયંસેવકો, બૌદ્ધ સાધુઓ અને કારીગરોએ ભાગ લીધો હતો. મધરાત બાદ શરૂ થયેલું નિર્માણ કાર્ય માત્ર છ કલાકમાં પૂર્ણ કરવામાં આવ્યું હતું. આ આયોજનમાં મોટી સંખ્યામાં લોકોએ સામૂહિક રીતે ભાગ લઈને ધાર્મિક આસ્થા અને એકતાનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. બૌદ્ધ ધર્મના મહત્ત્વપૂર્ણ પર્વ લ્હાબાબ દુચેનના અવસરે આ વિશેષ ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભૂટાનના રાજવી પરિવાર, સરકારના પ્રતિનિધિઓ, બૌદ્ધ સાધુઓ અને સ્થાનિક લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

વડાપ્રધાન મોદીને સમર્પિત કરવામાં આવેલો ૭૬મો બૌદ્ધ સ્તૂપ બંને દેશો વચ્ચેના પરસ્પર વિશ્વાસ, સાંસ્કૃતિક જોડાણ અને લાંબા સમયથી ચાલતા મૈત્રીપૂર્ણ સંબંધોનું પ્રતીક બન્યો છે. ભારત અને ભૂટાન વચ્ચે રાજદ્વારી સંબંધોની સાથે ધાર્મિક, સાંસ્કૃતિક અને આર્થિક ક્ષેત્રે પણ સહયોગ રહ્યો છે. આ પહેલ બંને દેશો વચ્ચેના પરંપરાગત સંબંધોને વધુ ઉજાગર કરનારી ઘટના બની છે.

સાવરકુંડલા ખાતે રાષ્ટ્રીય વયોવૃધ્ધ યોજના અંતર્ગત વડીલોને નિઃશૂલ્ક સાધન સહાયનું વિતરણ






સાવરકુંડલા વયોવૃધ્ધ નાગરિકોને જીવનમાં વધુ સુવિધા, સરળતા અને આત્મનિર્ભરતા મળી રહે તેવા ઉમદા હેતુથી ભારત સરકારની રાષ્ટ્રીય વયોવૃધ્ધ યોજના અંતર્ગત વયોવૃધ્ધોમાટે ઉપયોગી નિઃશુલ્ક સાધન સહાય વિતરણ કાર્યક્રમ સાંસદ ભરતભાઈ સુતરીયા, સાવરકુંડલા–લીલીયા વિધાનસભાનાં ધારાસભ્ય મહેશભાઈ કસવાળા, જિલ્લા પ્રમુખ દક્ષાબેન ચોડવડિયા યોજાયો હતો. આ કાર્યક્રમ અંતર્ગત કુલ ''૧૮૨ લાભાર્થીઓને ૧,૦૧૨ વિવિધ પ્રકારનાં ઉપયોગી સહાયક સાધનોનું વિતરણ'' કરવામાં આવ્યું હતું. આ સાધન સહાય પેટે કુલ ''રૂા. ૧૩.૪૪ લાખની સહાય'' લાભાર્થીઓને પૂરી પાડવામાં આવી હતી. આ યોજનાનો મુખ્ય હેતુ વયોવૃધ્ધ નાગરિકોને તેમની દૈનિક જીવનશૈલીમાં પડતી મુશ્કેલીઓ ઘટાડવા, જરૂરી સહાયક સાધનો ઉપલબ્ધ કરાવવા તેમજ તેમને વધુ સુગમ અને સ્વાવલંબી જીવન જીવવામાં મદદરૂપ થવાનો છે. મહાનુભાવોએ લાભાર્થીઓને સાધન સહાય અર્પણ કરી સરકારની આ લોકકલ્યાણકારી યોજનાનો લાભ વધુમાં વધુ વયોવૃધ્ધ નાગરિકો સુધી પહોંચે તેવી શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી. વયોવૃધ્ધ નાગરિકોનાં સન્માન, સુખાકારી અને આત્મનિર્ભરતા માટે સરકાર દ્વારા કરવામાં આવતી આવી સેવાકીય પહેલ સમાજ માટે પ્રેરણારૂપ બની રહી છે. આ પ્રસંગે બાંધકામ સમિતિનાં ચેરમેન પ્રકાશભાઈ પાનસુરીયા, નગરપાલિકા પ્રમુખ નયનાબેન કાપડીયા, તાલુકા પંચાયત પ્રમુખ દક્ષાબેન મહીડા, વિભાગનાં અધિકારી પુજાબેન પટેલ સહિતનાં જીલ્લા ભાજપ પરિવાર, વડીલો ઉપસ્થિત રહ્યા હતા.

સંગઠન મજબુત કરવા સહિતના મામલે

અમરેલી ખાતે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા વિસ્તૃત બેઠક યોજાઈ ગઈ

મોટી સંખ્યામાં આગેવાનો ઉપસ્થિત રહ્યા



અમરેલી, તા. ૪

વિશ્વ હિન્દુ પરિષદ અમરેલી જિલ્લા વિસ્તૃત બેઠક શ્રીજી વિદ્યાર્થી ભવન લાઠી રોડ ખાતે યોજાઈ હતી.

જેમા સૌરાષ્ટ્ર પ્રાંત ઉપાધ્યક્ષ ભૂપતભાઈ ગોવાણી,સંગઠન મંત્રી કિરીટભાઈ મિસ્ત્રી, સત્સંગ સયોજીકા રમીલાબેન પટોલિયા વિભાગ મંત્રી મહેશભાઈ કણજારીયા, અમરેલી જિલ્લા ના વાલી કૈલાશભાઈ પીપળીયા, અધ્યક્ષ વિજયભાઈ દેસાઈ, સહ મંત્રી રશ્મિનભાઈ ત્રિવેદી, મનુભાઈ અસલાલીયા, ગોરધનભાઈ ગેડીયા, ઉપાધ્યક્ષ રવિભાઈ શેખવા, કોષાધ્યક્ષ પંકજભાઈ ત્રિવેદી, વિશેષ સંપર્ક પ્રમુખ ઈતેશભાઈ મહેતા,વિધિ પ્રકોટસ યુવરાજભાઈ પળવાર, પ્રશાંતભાઈ ચુડાસમા, આશિષભાઈ જોષી, ભાર્ગવભાઈ જોશી, જીતુભાઈ બથવાર, રાહુલભાઈ મકવાણા, બજરંગ દળ ભાર્ગવભાઈ માવાણી, કરણભાઈ વાજા, ઈન્દ્રજીતસિંહ ચૌહાણ, ભવ્યભાઈ સવાણી માતૃ શક્તિ જયશ્રીબેન સાવલિયા, પૂર્વીબેન ગોહિલ, દુર્ગા, કોકિલાબેન ગોંડલિયા, વાહિની ગોપીબેન ચાવડા, હિરલબા વાળા, પ્રખંખ અધ્યક્ષ રમેશભાઈ સોરઠીયા, ઘનશ્યામભાઈ પરમાર, ગજેન્દ્રભાઈ શેખવા, મનીષભાઈ ઢોલરીયા, સંજયભાઈ લીંબચીયા, અરવિંદભાઈ મેંશિયા, ચંદ્રેશભાઈ પટેલ, વિશ્વ હિન્દુ પરિષદ અમરેલી નગર મંત્રી પંકજભાઈ કાનાણી, લાલજીભાઈ ચાવડા, મેહુલભાઈ પરીખ, મહેશભાઈ જળું, ભોજરાજભાઈ વાળા, કુલદીપભાઈ વાળા, આરતીબેન ચોવટિયા, વિશાખાબેન મકવાણા, મંજુબેન મકવાણા, હીરવાબેન મકવાણા સહિત નગર ટીમની ઉપસ્થિતિમાં બેઠક યોજાઈ, નગર ટીમ અને અમરેલી જિલ્લા, પ્રખંડ ટીમના સભ્ય ઉપસ્થિત રહ્યા હતા.

પાના ૧ ઉપરનું ચાલું

ધાનાણીને ૧ વર્ષની સજા

(બાઉન્સ) થતાં મંડળીનાં મેનેજર મેહુલ ગોપાલભાઈ નાકરાણીએ અમરેલી ચીફ કોર્ટમાં ફોજદારી કેસ દાખલ કરતા પુરાવાનાં અંતે અમરેલીનાં એડી. સીવીલ જજ અને જયુ.મેજી.ફ.ક.કે.એસ. રાણા તરફથી આરોપીને એક વર્ષની કેદની સજા તથા રૂા. ૮,૫૪,૧૯૦ ચુકવવા હુકમ કરેલ છે. અને મંડળીનાં વકીલ તરીકે અમરેલીનાં ધારાશાસ્ત્રી એ.સી. વરીયા રોકાયેલા હતા.

પાના ૧ ઉપરનું ચાલું

મગફળીનો પાક તબાહ

અને બીજી તરફ કમોસમી વરસાદ. આમ ખેડૂતો બેવડા મારનો સામનો કરી રહ્યા છે. પરિસ્થિતિ એટલી ગંભીર બની છે કે લાઈનપરાના ખેડૂતોએ મગફળીના પાકનું બેસણું પણ કરી નાખ્યું છે.

હવે ખેડૂતોની એક જ માંગ છે કે સરકાર તાત્કાલિક નુકસાનનો સર્વે કરાવે અને અસરગ્રસ્ત ખેડૂતોને યોગ્ય વળતર આપે.

ત્યારે સવાલ એ છે કે દિવાળીના આ સમયમાં ખેડૂતોના આંસુ લૂંછવા સરકાર કયારે આગળ આવશે ? કે પછી જગતનો તાત કુદરતના બેવડા માર સામે લાચાર બની રહેશે કે તે અંગે ધારી ગીર પંથકમાં ખેડૂતોએ હૈયાવરાળ ઠાલવી હતી.

પાના ૮ ઉપરનું ચાલું

પી.પી. સોજીત્રાની રકતતુલા કરાઈ

વૈશાલીબેન માંગરોળીયા, માનવ મંદિરનાં પૂ. ભકિતરામબાપુ પણ ઉપસ્થિત રહ્યા હતા.

આજનાં સમયમાં અમૂલ્ય કહી શકાય તેવા રકત માટે એસપીજી ગ્રુપ દ્વારા સુંદર રીતે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ અને એકત્ર થયેલ રકત જુદી–જુદી બ્લડ બેન્કને એનાયત કરવામાં આવેલ. કોઈપણ વ્યકિત રકત વિના અમૂલ્ય જીંદગી ગુમાવી ન શકે તે માટે એસપીજીની ટીમ દિવસ–રાત ભારે જહેમત ઉઠાવી રહી છે.

મહા રકતદાન કેમ્પ અને રકતતુલા કાર્યક્રમ એસપીજીનાં પ્રમુખ ભૂપત સાવલિયાની ભારે જહેમત અને માર્ગદર્શનતળે સંપન્ન થયો હતો.

પાના ૧ ઉપરનું ચાલું

ધારીનાં જળજીવડી ગામે

વિઘા જમીન અમારી નીકળે છે, તેમ કહી મરણજનાર ભીમજીભાઈની ખેતીની જમીનમાં દોઢ વિઘા જમીનમાં પીઠુ ખોડી દઈ અને મરણજનારને જમીનમાં નહી આવવા દઈ અને ઉપરથી ગાળો આપી આરોપીઓ દ્વારા ભીમજીભાઈને અવાર–નવાર ધાક ધમકી આપી અને મારી નાખવાની ધમકી આપી માનસીક ત્રાસ આપતા હોવાથી મરણજનાર ભીમજીભાઈ સાવલીયાએ આરોપીઓના માનસીક ત્રાસથી તેમજ ધમકીઓથી કંટાળી જઈ પોતાના રહેણાંક મકાનનાં ધાબા ઉપરથી આપઘાત કરવા માટે પડતા મરણજનારને માથાનાં ભાગે ગંભીર ઈજા થતા સારવાર દરમિયાન તેમનું મોત નીપજતા અંગે આ પાંચેય આરોપીઓ સામે ખેડૂતને મરી જવા મજબુર કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

પાના ૮ ઉપરનું ચાલું

અમરેલી તાલુકા સહકારી ખરીદ–વેચાણ

/ઉપપ્રમુખની ચુંટણી યોજાયેલ જેમાં પ્રમુખ તરીકે જયેશભાઈ મોહનભાઈ નાકરાણી બીનહરીફ તેમજ ઉપપ્રમુખ તરીકે દલસુખભાઈ કાનજીભાઈ દુધાત બીનહરીફ ચુંટાય આવેલ છે.

જયેશભાઈ એમ. નાકરાણી છેલ્લા વર્ષોથી સતત તાલુકા સંઘમાં પ્રમુખ તરીકે. બીનહરીફ ચુંટાય આવેલ છે. જેના નેતૃત્વ નીચે સંસ્થાના સતર સદસ્યો પણ બીનહરીફ ચુંટાયેલા સભ્યોએ જયેશભાઈ નાકરાણી તથા દલસુખભાઈ દુધાતમાં વિશ્વાસ મુકીને ફરી વખત તેઓને બીનહરીફ પ્રમુખ / ઉપપ્રમુખ પદ પસંદ કરી વરણી કરેલ છે.

જયેશભાઈ એમ. નાકરાણીના નેતૃત્વ નીચે સંસ્થાનો દર વર્ષે વધુ વિકાસ થયેલ છે. અને સંસ્થા વધુમાં વધુ પ્રગતિ કરે તેવા આશય સાથે સને ૨૦૨૫/૨૦૨૬ના વર્ષમાં ૧૧.૭૫ લાખ જેવો માતબર નફો કરીને છેલ્લા ૨૬ વર્ષથી અપાતું ૧૫ ટકા ડીવીડન્ડની પરંપરા જાળવી રાખીને સભ્ય મંડળીઓને આ વર્ષે પણ ૧૫ ટકા ડીવીડન્ડ આપેલ છે.

સમગ્ર બીનહરીફ ચુંટાયેલા સદસ્યઓ ફરી વખત તેઓને બીનહરીફ પ્રમુખ/ઉપપ્રમુખ તરીકે ચુંટીને અમરેલી તાલુકા સંઘની જવાબદારી ફરી વખત સોંપેલ છે. તેમ તાલુકા સંઘના એમ.ડી. વિઠ્ઠલભાઈ તારપરા તથા મેનેજર પ્રશાંતભાઈ નાકરાણીની યાદી જણાવે છે.

ચેરમેન ભાવિનભાઈ સોજીત્રાનો ખેડૂતના હિતમાં નિર્ણય

અમરેલીના માર્કેટયાર્ડમાં લાભ પાંચમથી બારદાનનાં વજનને લઈને મહત્વનો નિર્ણય

બારદાનનું વજન ૮૦૦ ગ્રામ અને પ્લાસ્ટીક બોરીનું વજન ૧૫૦ ગ્રામ બાદ કરાશે

અમરેલી, તા. ૪

અમરેલી માર્કેટયાર્ડમાં દિવાળી પર્વની રજાઓ પૂર્ણ થયાં બાદ લાભપાંચમના શુભ દિને માર્કેટયાર્ડની કામગીરી રાબેતા મુજબ શરૂ થવાની હોય ત્યારે માર્કેટયાર્ડનાં ચેરમેન ભાવિનભાઈ સોજીત્રા દ્વારા લાભપાંચમથી ખેડૂતોનાં હિતમાં નીચે મુજબના નિર્ણયો કરવામાં આવેલ છે.

જેમા સંસ્થામાં જણસી ખરીદી કરતાં જે વેપારીઓ દ્વારા બારદાન વાપરવામાં આવે છે તેઓએ બારદાનનું વજન ૮૦૦ ગ્રામ બાદ કરવામાં આવશે અને જો કોઈ વેપારી ૯૦૦ ગ્રામ કે તેથી વધારે વજનવાળા બારદાન વાપરતા હોય તો તેઓએ બારદાનનાં વીંટાનું વજન કરી ખરેખર જે વજન આવે તે મુજબ કપાત કરવામાં આવશે.

વધુ જણાવવામાં આવ્યું છે કે, સંસ્થામાં જણસી ખરીદી કરતાં જે વેપારીઓ દ્વારા પ્લાસ્ટિક બોરી વાપરવામાં આવે છે તેઓએ કુલ વજનમાંથી પ્રતિ મુદ્દા દીઠ વધુમાં વધુ ૧૫૦ ગ્રામ પ્લાસ્ટિક બોરીનું વજન બાદ કરવામાં આવશે.

ઉપરોકત સંસ્થા દ્વારા નકકી કરવામાં આવેલ વજન કરતા જો કોઈ વેપારી દ્વારા વધુ વજન બાદ



કરવામાં આવશે તેની સામે દંડનિય કાર્યવાહી રૂપે સંસ્થા દ્વારા રૂપિયા એક લાખનો દંડ અને તેમનું લાયસન્સ સ્થગિત કરવામાં આવશે.

સંસ્થામાં મગફળીની ખરીદી કરતાં વેપારીઓ દ્વારા હાલ હરરાજીમાંથી ખરીદી કર્યા બાદ મજુરો દ્વારા તારવવાની પ્રથા ચાલતી હતી. પરંતુ, લાભપાંચમથી આવી તારવવાની કામગીરી માટે મજુરો પર પ્રતિબંધ મુકયો છે અને તારવવાની પ્રથા સંપૂર્ણપણે નાબુદ કરવામાં આવી છે.

ઉપરોકત તમામ નિર્ણયો ખેડૂતોનાં હિતાર્થે સંસ્થાના ચેરમેન ભાવિનભાઈ જે. સોજીત્રા તથા માર્કેટયાર્ડનાં સભ્યઓ દ્વારા કરવામાં આવેલ છે અને આ તમામ નિર્ણયોની અમલવારી આગામી તા. ૧૪/૧૧/૨૦૨૬ને શનિવાર (લાભપાંચમ) થી કરવામાં આવશે. તેવું માર્કેટયાર્ડનાં સેક્રેટરી તુષારભાઈ એચ. હપાણીએ જણાવેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું

ધારીનાં દુધાળા ગામની નદીમાં

સાધનો સાથે ઘટના સ્થળે પહોંચી હતી.

નદીમાં મગરનો વસવાટ હોવાનાં કારણે રેસ્કયૂ કામગીરી અત્યંત જોખમી બની હતી. જોકે, ફાયર વિભાગનાં જવાનોએ હિંમત દાખવી હોડી નદીમાં ઉતારી તે વ્યકિતને શોધખોળ શરૂ કરી હતી. ફાયર ટીમની લગભગ ૨૦ મિનિટની જહેમત બાદ તે નદીમાંથી ધારી તાલુકાનાં કરમદડી ગામનાં રહેવાસી ચનાભાઈ છગનભાઈ મલણિયા (ઉ.વ. ૪૫) નો મૃતદેહ શોધી કાઢવામાં આવ્યો હતો. ત્યારબાદ મૃતદેહ સ્થાનિક પોલીસને સોંપવામાં આવ્યો હતો.

આ સમગ્ર રેસ્કયૂ કામગીરી દરમિયાન વનવિભાગનાં અધિકારીઓ, તાલુકા મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી તેમજ પોલીસ સ્ટાફ પણ ઘટના સ્થળે હાજર રહ્યો હતો.

આવી જોખમી પરિસ્થિતિમાં હિંમતભેર કામગીરી કરનાર ફાયર વિભાગનાં પ્રવીણભાઈ ચૌહાણ, સવજીભાઈ ડાભી, સાગરભાઈ પુરોહિત અને જગદીશભાઈ ભુરીયા સહિતનાં સ્ટાફે મહત્વપૂર્ણ કામગીરી બજાવી હતી.

અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શિંગ મઠડી	૧૨૨૦	૧૫૩૫
૨	ગિરનાર શીંગ	૧૧૩૫	૧૫૮૫
૩	શિંગ મોટી	૧૧૦૦	૧૬૬૫
૪	શિંગદાણા ફાડા	૧૫૦૦	૧૮૭૦
૫	તલ સફેદ	૨૫૦૦	૩૯૦૦
૬	તલ કાળા	૨૪૦૦	૪૧૫૫
૭	તલ કાશ્મીરી	૨૮૬૦	૩૦૪૦
૮	બાજરો	૪૮૦	૬૭૫
૯	જુવાર	૫૨૦	૧૮૦૦
૧૦	ઘઉં બંસી	૫૫૦	૫૬૦
૧૧	ઘઉં ટુકડા	૫૬૫	૭૧૫
૧૨	ઘઉં લોકવન	૫૮૦	૬૪૫
૧૩	મકાઈ	૭૧૦	૭૧૦
૧૪	મગ	૭૭૦	૧૮૦૦
૧૫	અડદ	૯૦૦	૧૭૬૦
૧૬	ચણા	૧૦૨૦	૧૪૬૦
૧૭	સફેદ ચણા	૧૦૦૦	૧૪૪૦
૧૮	છોલે ચણા	૧૩૦૦	૧૬૬૦
૧૯	વટાણા	૯૨૦	૯૨૦
૨૦	તુવેર	૧૩૦૦	૧૯૯૦
૨૧	કપાસ	૧૧૦૦	૧૮૭૫
૨૨	એરંડા	૧૦૦૦	૧૫૪૦
૨૩	જીરૂ	૨૮૫૦	૪૯૩૦
૨૪	ધાણી	૨૨૦૦	૩૨૫૦
૨૫	મેથી	૧૨૫૦	૧૪૫૫
૨૬	સોયાબીન	૧૦૦૦	૧૪૦૦
૨૭	રજકાનું બી	૬૩૫૦	૮૨૦૦
૨૮	વરીયાળી	૧૬૦૦	૧૬૦૦
૨૯	કાંગ	૯૮૫	૯૮૫
૩૦	કલોંજી	૧૪૦૦	૪૧૫૫

લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૮૩૪	૧૮૭૫

ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૭૬૫	૧૮૫૧
૨	મગફળી	૧૧૬૦	૧૪૦૦
૩	તલ કાળા	૩૪૦૦	૩૪૦૦
૪	જુવાર સફેદ	૧૫૦૧	૧૬૦૧
૫	સોયાબીન	૧૩૦૧	૧૩૧૬

સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	તલ સફેદ	૨૯૦૦	૩૫૦૦
૨	તલ કાળા	૩૩૫૦	૪૧૨૦
૩	જીરૂ	૪૪૦૦	૫૦૦૦
૪	કપાસ	૧૮૩૦	૧૮૮૦
૫	ઘઉં લોકવન	૫૪૦	૫૯૦
૬	ઘઉં ટુકડા	૫૮૦	૬૬૧
૭	બાજરો	૪૦૦	૬૯૧
૮	જુવાર	૮૫૦	૧૫૦૫
૯	મગ	૧૨૦૦	૧૫૧૧
૧૦	અડદ	૧૫૦૦	૨૦૦૨
૧૧	ચણા	૧૧૫૦	૧૫૦૦
૧૨	તુવેર	૧૩૫૦	૧૮૬૦
૧૩	સોયાબીન	૧૨૫૦	૧૩૭૫

બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૮૧૦	૧૯૦૫
૨	કપાસ મીડીયમ	૧૬૭૦	૧૭૭૦
૩	મગફળી	૧૩૫૦	૧૬૦૦
૪	તલ સફેદ	૨૯૧૦	૩૦૭૦
૫	તલ કાળા	૩૧૪૦	૩૬૪૦
૬	જીરૂ	૪૮૬૦	૫૩૦૦
૭	ચણા	૧૩૭૦	૧૪૨૬
૮	ઘઉં	૫૮૦	૭૦૧
૯	અડદ	૧૭૩૦	૧૮૧૦
૧૦	મગ	૧૭૮૦	૨૦૧૦
૧૧	સોયાબીન	૧૩૫૧	૧૩૭૧

બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૬૦૦	૧૮૮૯
૨	ઘઉં લોકવન	૫૩૦	૬૨૧
૩	ઘઉં ટુકડા	૫૩૧	૬૧૫
૪	મગફળી	૧૧૦૦	૧૩૭૧
૫	ચણા	૧૩૦૦	૧૪૨૧
૬	લસણ	૧૦૦૦	૨૧૦૦
૭	રાય	૧૫૦૦	૧૫૦૦
૮	સોયાબીન	૯૦૦	૧૩૫૭
૯	મેથી	૧૨૦૦	૧૨૦૦
૧૦	અડદ	૧૭૯૫	૧૭૯૫
૧૧	તલ સફેદ	૨૭૦૦	૩૫૦૫
૧૨	શીંગદાણા	૧૫૦૦	૧૫૦૦
૧૩	ચણા સફેદ	૧૦૯૫	૧૩૧૫
૧૪	ધાણા	૨૫૦૦	૩૦૦૦
૧૫	તુવેર	૧૫૭૫	૧૬૩૯
૧૬	ચણા છોલે	૧૩૦૦	૧૫૪૮
૧૭	જુવાર	૮૦૦	૧૩૭૦

ધારી માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૫૪૫	૧૮૬૨
૨	મગફળી	૧૧૫૫	૧૫૨૬
૩	ઘઉં	૫૭૫	૬૮૫
૪	ચણા	૧૧૦૦	૧૪૧૧
૫	શીંગદાણા	૧૫૦૦	૧૭૨૫
૬	ધાણા	૨૫૦૦	૨૯૦૦
૭	અડદ	૧૨૦૦	૧૭૫૫
૮	તુવેર	૧૬૭૦	૧૬૭૦
૯	કલોંજી	૩૫૦૦	૩૫૦૦
૧૦	તલ	૨૭૦૦	૨૮૦૦
૧૧	સોયાબીન	૧૧૦૦	૧૩૫૧
૧૨	એરંડા	૧૧૦૦	૧૪૦૦

રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શીંગ	૧૧૨૫	૧૬૭૬
૨	તલ સફેદ	૨૬૦૦	૩૩૪૧
૩	તલ કાળા	૩૨૦૦	૩૬૦૦
૪	કપાસ	૧૭૦૦	૧૮૪૫
૫	બાજરો	૫૨૦	૬૩૧
૬	ઘઉં ટુકડા	૫૦૦	૬૭૧
૭	જુવાર	૭૦૦	૧૬૦૧
૮	મકાઈ	૬૩૬	૬૩૬
૯	મગ	૮૦૧	૮૦૧
૧૦	અડદ	૧૭૦૦	૧૬૫૧
૧૧	તુવેર	૧૧૦૦	૧૧૦૦
૧૨	ચણા	૧૪૩૦	૧૪૫૦
૧૩	સોયાબીન	૧૨૪૧	૧૩૬૨
૧૪	અજમા	૨૭૦૦	૨૭૦૦

દેલવાડામાં 'બંટી-બબલી'ની જોડીનું કારસ્તાન

ઉના : ઊંચા વ્યાજની લાલચ આપી રૂ.૧.૫૦ કરોડથી વધુનું ફુલેકું ફેરવ્યાની ફરિયાદ

નિધિ ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટીના નામે ૧૭ જેટલા રોકાણકારોના નાણા ફસાયા

ઉના, તા. ૪

ઉના તાલુકાના દેલવાડા ગામે ઊંચા વ્યાજની લાલચ આપી સામાન્ય લોકોની મહેનતની કમાણી એકત્ર કરી રૂ.૧.૫૦ કરોડથી વધુની નાણાકીય છેતરપિંડી થયાનો ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. દેલવાડા નિધી ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટી શરાફી સહકારી મંડળીના નામે માસિક બે ટકા અને વાર્ષિક ૨૪ ટકા વ્યાજ આપવાની લાલચ આપી લોકો પાસેથી રોકડ તેમજ ચેક મારફતે લાખો રૂપિયાનું રોકાણ કરાવવામાં આવ્યું હતું. જોકે, રોકાણકારો જયારે પોતાની મૂડી પરત માંગવા પહોંચ્યા ત્યારે મંડળી બંધ થઈ ગઈ હોવાની અને સંચાલકો સંપર્કમાં ન આવતા હોવાની ફરિયાદ ઉના પોલીસ મથકે નોંધાઈ છે. આ સમગ્ર પ્રકરણમાં મંડળીનાં સંચાલક મનીષાબેન ચંદ્રકાન્તભાઈ પંડયા અને મેનેજર તરીકે કામગીરી સંભાળતા દિનેશભાઈ જગુભાઈ ઉર્ફે પુંજાભાઈ રાઠોડ સામે ફરિયાદ નોંધાતાં પંથકમાં ભારે ચકચાર મચી છે. સ્થાનિક સ્તરે આ જોડીને 'બંટી-બબલી' તરીકે ઓળખાવીને ચર્ચા થઈ રહી છે.

સરકારી બેન્કો કરતાં વધુ વ્યાજ આપવાની લાલચ

ફરિયાદમાં જણાવ્યા મુજબ, આશરે ચારથી પાંચ વર્ષ પહેલાં ફરિયાદી વૈશાલીબેનનો દેલવાડા ગામે મનીષાબેન પંડયા સાથે પરિચય થયો હતો. તે સમયે મનીષાબેને પોતે દેલવાડા ખાતે શરાફી સહકારી મંડળી ચલાવતાં હોવાનું અને મંડળીમાં રોકાણ કરનારને સરકારી બેન્કો કરતાં વધુ વ્યાજ આપવામાં આવતું હોવાનું જણાવ્યું હતું. જો કોઈ વ્યક્તિ પોતાની બચતનું રોકાણ કરવા ઈચ્છતી હોય તો સંપર્ક કરવા પણ કહ્યું હતું.

ત્યારબાદ ફરિયાદી અને તેમના પરિવારજનો મનીષાબેન પાસે રોકાણ અંગે વાત કરવા પહોંચ્યા હતા. ત્યારે તેમને જમા કરાવેલી રકમ પર માસિક બે ટકા લેખે અને વાર્ષિક ૨૪ ટકા લેખે નાણાકીય વળતર આપવાની ખાતરી આપવામાં આવી હતી. એટલું જ નહીં, જરૂરિયાતના સમયે મૂળ રકમ પણ પરત મળી જશે તેવી ખાતરી અપાતાં લોકો વિશ્વાસમાં આવી રોકાણ કરવા લાગ્યા હતા.

વર્ષ ૨૦૨૦થી ચેક અને રોકડ મારફતે રોકાણ

ફરિયાદી વૈશાલીબેનના જણાવ્યા અનુસાર, વર્ષ ૨૦૨૦માં તેમના પતિએ સૌ પ્રથમ રૂ.૫ લાખનું રોકાણ કર્યું હતું. ત્યારબાદ થોડા મહિનામાં વધુ રૂ.૯ લાખ રોકાણ માટે આપવામાં આવ્યા હતા. મનીષાબેન દ્વારા જરૂરિયાતના સમયે નાણાં ઉપાડી શકાશે તેવી ખાતરી સાથે કોરો ચેક સહી કરીને આપવામાં આવ્યો હોવાનું પણ ફરિયાદમાં જણાવાયું છે.

ત્યારબાદ વર્ષ ૨૦૨૦માં અલગ-અલગ ત્રણ ચેક મારફતે રૂ.૧૨ લાખ અને વર્ષ ૨૦૨૧માં વધુ ત્રણ ચેક મારફતે રૂ.૭ લાખનું રોકાણ કરવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૨૩માં દેલવાડા ખાતે આવેલી મંડળીનીઓફિસે જઈ રૂ.૩ લાખનો ચેક આપવામાં આવ્યો હતો, જે મનીષાબેને મંડળીના મેનેજર દિનેશભાઈ રાઠોડને આપ્યો હતો. વર્ષ ૨૦૨૪માં વધુ રૂ.૩ લાખનું રોકાણ કરવામાં આવ્યું હતું.

આ રીતે અલગ-અલગ તબક્કે રોકાણ વધતું ગયું અને ફરિયાદી પરિવાર દ્વારા કુલ રૂ.૪૫ લાખનું રોકાણ કરવામાં આવ્યું હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

પરિવારના અન્ય સભ્યોના પણ લાખો રૂપિયા ફસાયા

ફરિયાદ મુજબ, ફરિયાદી વૈશાલીબેનના સસરા રિતલાલ બાબુભાઈએ પણ મનીષાબેન અને દિનેશભાઈ પાસે રૂ.૧૦.૫૦ લાખનું રોકાણ કર્યું હતું. જયારે તેમના નણંદના પતિ વિનોદકુમાર હરજીવનભાઈએ પોતાના પુત્ર આકાશભાઈના નામે રૂ.૧૫ લાખનું રોકાણ કર્યું હતું.

આમ ફરિયાદી વૈશાલીબેનના રૂ.૪૫ લાખ, તેમના સસરાના રૂ.૧૦.૫૦ લાખ અને સંબંધીઓના રૂ.૧૫ લાખ મળી એક જ પરિવારની કુલ રૂ.૭૦.૫૦ લાખની રકમ મંડળીમાં રોકાણ કરવામાં આવી હતી.

નાણાં પરત માંગતાં સ્ટેમ્પ પેપર પર લખાણ કરી આપ્યું

જયારે રોકાણકારોએ પોતાની જમા કરાવેલી રકમ પરત મેળવવા માટે મનીષાબેન અને મેનેજર દિનેશભાઈનો સંપર્ક કર્યો ત્યારે એક વર્ષની અંદર નાણાં પરત આપી દેવાની ખાતરી આપવામાં આવી હતી. ફરિયાદ મુજબ, વર્ષ ૨૦૨૫માં મનીષાબેન દ્વારા અલગ-અલગ છ સ્ટેમ્પ પેપર પર લખાણકરી આપવામાં આવ્યું હતું. તેમ છતાં નાણાં પરત મળ્યાં ન હોતાં.

ત્યારબાદ તા.૨૨ ઓકટોબર ૨૦૨૬ના રોજ વધુ ત્રણ સ્ટેમ્પ પેપર પર લખાણ કરી ડિસેમ્બર ૨૦૨૬માં નાણાં પરત આપવાની ખાતરી આપવામાં આવી હતી. જોકે, ત્યારબાદ પણ નાણાં પરત ન મળતાં અને મનીષાબેનનો સંપર્ક કરવાનો પ્રયાસ કરતાં મોબાઈલ ફોન બંધ આવતાં રોકાણકારોની ચિંતા વધી હતી.

અન્ય રોકાણકારોના રૂ.૮૦.૧૩ લાખ પણ ફસાયા

આ ફરિયાદમાં માત્ર એક પરિવાર જ નહીં, પરંતુ દેલવાડા, દાંડી, ઉના, રામપરા, ચાંચકવડ અને દુધાળા સહિતના વિસ્તારોના અન્ય રોકાણકારોનાં નામ અને રોકાણની રકમનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

ફરિયાદમાં દર્શાવેલી યાદી મુજબ, અન્ય રોકાણકારોમાં મહેશભાઈ શિયાળના રૂ.૧૮.૫૦ લાખ, રાહુલગીરી ગોસ્વામીના રૂ.૧૦.૫૦ લાખ, દાનજીભાઈ ઝાલાના રૂ.૧૦ લાખ, ગીતાબેન ગેસ્વામીના રૂ.૬.૩૭ લાખ, ડાયબેન સોલંકીના રૂ.૫.૧૧ લાખ સહિત અનેક લોકોની રકમ રોકાણમાં ફસાઈ હોવાનું જણાવાયું છે.

આ ઉપરાંત સચિનભાઈ શિયાળ, જયાબેન શિયાળ, ભરતભાઈ રાઠોડ, જસીબેન બાંભણીયા, ભાયાભાઈ શિયાળ, રણછોડભાઈ બાંભણીયા, પુનમચંદભાઈ ઝાલા, કોમલબેન વાજા, ભાવનાબેન બાંભણીયા, જાગૃતિબેન ઝાલા, ગંગાબેન શિયાળ અને તેજલબેન શિયાળ સહિતના રોકાણકારોનાં નામ પણ ફરિયાદમાં સામેલ છે.

આ તમામ અન્ય રોકાણકારોની કુલ રકમ રૂ.૮૦,૧૩,૪૦૪ દર્શાવવામાં આવી છે.

કુલ રૂ.૧,૫૦,૬૩,૪૦૪ની છેતરપિંડી થયાની ફરિયાદ

ફરિયાદી પરિવારના રૂ.૭૦,૫૦,૦૦૦ અને અન્ય રોકાણ કારોના રૂ.૮૦,૧૩,૪૦૪ મળી કુલ રૂ.૧,૫૦,૬૩,૪૦૪ની રકમ પરત નહીં આપી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરવામાં આવી હોવાનો ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે. ફરિયાદ મુજબ, મંડળીના સંચાલકો દ્વારા રોકાણકારોને ઊંચા વળતરની ખાતરી આપી વર્ષ ૨૦૨૦થી તા.૨૨ ઓકટોબર-૨૦૨૬ સુધી અલગ-અલગ સમયે નાણાં એકત્ર કરવામાં આવ્યાં હતાં.

રોકાણકારો દ્વારા વારંવાર નાણાંની ઉઘરાણી કરવા છતાં તેમને વાયદાઓ આપવામાં આવતા હોવાથી પોલીસ ફરિયાદ કરવામાં વિલંબ થયો હોવાનું પણ ફરિયાદમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે.

ઉના પોલીસ મથકે ગુનો નોંધાયો, પીઆઈ કે.આઈ. જાડેજા તપાસમાં

આ સમગ્ર મામલે ફરિયાદી વૈશાલીબેન વિજયભાઈ ફુલબારૈયા દ્વારા ઉના પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. મનીષાબેન ચંદ્રકાન્તભાઈ પંડયા અને દિનેશભાઈ જગુભાઈ ઉર્ફે પુંજાભાઈ રાઠોડ સહિત સંડોવાયેલા અન્ય લોકો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૧૬(૨), ૩૧૬(૫), ૩૧૮(૪), ૬૧(૧), ૫૪ તથા અન્ય લાગુ જોગવાઈઓ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

હાલ આ સમગ્ર પ્રકરણની વધુ તપાસ ઉના પોલીસ સ્ટેશનના પીઆઈ કે.આઈ. જાડેજા ચલાવી રહ્યા છે. તપાસ દરમિયાન મંડળીમાં કેટલા લોકો પાસેથી નાણાં એકત્ર કરવામાં આવ્યાં હતાં, રોકાણકારોની કુલ સંખ્યા કેટલી છે, નાણાં કયાં વપરાયાં અને અન્ય કોઈ વ્યક્તિની સંડોવણી છે કે કેમ તે સહિતના મુદ્દાઓની તપાસ કરવામાં આવશે.


ઉના તાલુકાના દેલવાડા ખાતે આવેલી નિધી ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટીમાં રોકાણ કરનારા ફરિયાદી પરિવાર સહિત અન્ય રોકાણકારોની વિગતો ફરિયાદમાં આપવામાં આવી છે. જે મુજબ રોકાણકારોની રકમ નીચે પ્રમાણે છે.

૧) વૈશાલીબેન ફુલબારૈયા તથા પરિવાર રૂા. ૭૦,૫૦,૦૦૦, ૨) મહેશભાઈ જીણાભાઈ શિયાળ રૂા.૧૮,૫૦,૦૦૦, ૩) રાહુલગીરી કૈલાસગીરી ગેસ્વામી રૂા. ૧૦,૫૦,૦૦૦, ૪) દાનજીભાઈ શામજીભાઈ ઝાલા રૂા.૧૦,૦૦,૦૦૦ ૫) ગીતાબેન રમેશગીરી ગોસ્વામી રૂા. ૬,૩૭,૦૦૦, ૬) ડાયબેન વજુભાઈ સોલંકી રૂા. ૫,૧૧,૪૦૪, ૭) સચિનભાઈ ભાયાભાઈ શિયાળ રૂા. ૪,૬૦,૦૦૦, ૮) જયાબેન ભાયાભાઈ શિયાળ રૂા.૪,૨૫,૦૦૦ ૯) ભરતભાઈ મેઘજીભાઈ રાઠોડ રૂા. ૪,૦૦,૦૦૦, ૧૦) જસીબેન ભીખાભાઈ બાંભણિયા રૂા. ૩,૩૦,૦૦૦, ૧૧) ભાયાભાઈ રાજાભાઈ શિયાળ રૂા. ૩,૦૦,૦૦૦ ૧૨) રણછોડભાઈ મંગાભાઈ બાંભણિયા રૂા. ૩,૦૦,૦૦૦, ૧૩) પુનમચંદભાઈ મીઠાભાઈ ઝાલા રૂા. ૩,૦૦,૦૦૦, ૧૪) કોમલબેન ચીનુભાઈ વાજા રૂા. ૧,૫૦,૦૦૦, ૧૫) ભાવનાબેન મોહનભાઈ બાંભણિયા રૂા.૧,૫૦,૦૦૦, ૧૬) જાગૃતિબેન પુનમચંદભાઈ ઝાલા રૂા. ૧,૦૦,૦૦૦, ૧૭) ગંગાબેન સુનિલભાઈ શિયાળ રૂા. ૨૫,૦૦૦, ૧૮) તેજલબેન સચિનભાઈ શિયાળ રૂા. ૨૫,૦૦૦, દોઢ કરોડથી વધુની રકમનો મામલો સામે આવતાં ઉના પંથકમાં ચકચાર ઊંચા વ્યાજની લાલચમાં સામાન્ય પરિવારોની મહેનતની કમાણી ફસાઈ જતાં દેલવાડા સહિત સમગ્ર ઉના પંથકમાં આ પ્રકરણ ચર્ચાનો વિષય બન્યું છે. હવે પોલીસ તપાસમાં આ કથિત નાણાકીય કૌભાંડનાં કેટલાં નવાં પાસાં સામે આવે છે અને રોકાણકારોને તેમની રકમ પરત અપાવવા માટે શું કાર્યવાહી થાય છે તેના પર સેની નજર મંડાઈ છે.

દર્દીનારાયણની વિનામુલ્યે સેવા કરતી

ટીંબીની શ્રી નિર્દોષાનંદજી હોસ્પિટલને નિવૃત્ત અધિકારી દ્વારા આર્થિક સહાય

હોસ્પિટલનાં ટ્રસ્ટી બી.એલ. રાજપરા દ્વારા આવકાર



ટીંબી, તા. ૪

સ્વામી શ્રી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલ-ટીંબીમાં અમરેલી સ્થિત જિલ્લા પંચાયતનાં નિવૃત્ત અધિકારી પ્રકાશભાઈ બચુભાઈ લહેરી અને તેમના પુત્ર હાર્દિકભાઈ લહેરી તેમના મિત્રો પી.પી. કાબરીયા અને પંકજભાઈ વઘાસીયાા સાથે હોસ્પિટલની શુભેચ્છા મુલાકાતે આવ્યા હતા.

આ તકે દાતા પ્રકાશભાઈ લહેરીની ધર્મપત્ની અને હાર્દિકભાઈ લહેરી માતૃશ્રી સ્વ. વિમુબેન પ્રકાશભાઈ લહેરીનાં જન્મદિવસ તા. ૧/૧/૨૦૨૬ નિમિત્તે રૂા. ૧,૧૧,૦૦૦ અંકે રૂપિયા એક લાખ અગિયાર હજાર પુરાનાં અનુદાનનો ચેક હોસ્પિટલનાં દર્દીનારાયણની સારવાર્થે અર્પણ કરેલ છે. ટ્રસ્ટી બી.એલ. રાજપરા ધ્વારા દાતા પ્રકાશભાઈ લહેરી અને હાર્દિકભાઈ લહેરીનું બ્ર.પ.પૂ. સદ્‌ગુરૂદેવ લિખીત પુસ્તક "જીજ્ઞાસુ પિયુષ" અને શાલ અર્પણ કરી સન્માનિત કરીને ટ્રસ્ટી મંડળ વતી આભાર વ્યક્ત કરેલ છે.

ગાંધીનગર ખાતે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના નેતૃત્વમાં

બાબરા શહેર ભાજપના અગ્રણીઓએ પ્રદેશ પ્રમુખની શુભેચ્છા મુલાકાત કરી

ભવિષ્યની વિકાસલક્ષી યોજનાઓ અંગે ચર્ચા કરી માર્ગદર્શન મેળવ્યું

બાબરા, તા. ૪

બાબરાશહેર ભાજપના અગ્રણીઓ દ્વારા ગાંધીનગર ખાતે લાઠી- બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના નેતૃત્વમાં પ્રદેશ ભાજપ પ્રમુખની શુભેચ્છા મુલાકાત કરવામાં આવી હતી.

આ મુલાકાત દરમિયાન બાબરા શહેરના સર્વાંગી વિકાસ, પ્રજાલક્ષી સુવિધાઓ, વિકાસલક્ષી કાર્યો તેમજ ભાજપ સંગઠનની કામગીરી અને સંગઠનને વધુ મજબૂત બનાવવા અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

આ પ્રસંગે પ્રદેશ પ્રમુખ પાસેથી શહેરના વિકાસને વેગ આપવા તેમજ સંગઠનની કામગીરીને વધુ અસરકારક બનાવવા અંગે જરૂરી માર્ગદર્શન મેળવવામાં આવ્યું હતું. સાથે જ બાબરા શહેરના વિકાસના વિવિધ પ્રશ્નો અને આગામી સમયમાં હાથ ધરાનારા વિકાસલક્ષી આયોજનો અંગે પણ રજૂઆત સાથે ચર્ચા કરવામાં આવી હતી.



આ શુભેચ્છા મુલાકાતમાં નગરપાલિકાના સભ્ય અંકુરભાઈ જસાણી, શહેર ભાજપના અગ્રણી ભૂપતભાઈ બસિયા, માર્કેટિંગ યાર્ડના ડિરેકટર અજિતભાઈ ખોખરીયા,તથા શહેર ભાજપના પૂર્વ પ્રમુખ કિરીટભાઈ પરવાડીયા, માર્કેટિંગ યાર્ડના ડિરેકટર અશ્વિનભાઈ મકવાણા, શહેર યુવા ભાજપ અગ્રણી નરવીરભાઈ કોઠીવાળ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના માર્ગદર્શન અને નેતૃત્વમાં બાબરા શહેરના વિકાસને નવી દિશા આપવા તેમજ પક્ષના સંગઠનને વધુ સુદ્રઢ બનાવવા માટે સેએ સાથે મળીને કાર્ય કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

સ્વ. પરશોતમભાઈ જાની પરિવાર દ્વારા

અમરેલી ખાતે પિતૃ કલ્યાણ અર્થે ૧૪ નવે. થી શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનુ આયોજન

શાસ્ત્રી અંકુરભાઈ રાવળ વ્યાસપીઠ પરથી કથાનુ રસપાન કરાવશે

અમરેલી, તા. ૪

અમરેલી ખાતે પિતૃઓના મોક્ષાર્થે ભવ્ય 'શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ'નું સુંદર આયોજન કરવામાં આવ્યું છે.

આ ધાર્મિક મહોત્સવ વિક્રમ સંવત ૨૦૮૩ના કારતક સુદ-૫ (લાભ પાંચમ), શનિવાર તા. ૧૪ નવેમ્બર ૨૦૨૬થી પ્રારંભ થશે અને કારતક સુદ-૧૧ (દેવઉઠી એકાદશી), શુક્રવાર તા. ૨૦ નવેમ્બર ૨૦૨૬ના રોજ વિરામ પામશે. સમગ્ર કથાનું આયોજન અમરેલીના લિલીયા રોડ પર આવેલા સુપ્રસિધ્ધ દાદા ભગવાન મંદિર પરિસરમાં રાખવામાં આવ્યું છે.

આ પાવનકારી જ્ઞાનયજ્ઞમાં વ્યાસાસને બિરાજીને જૂનાગઢના ખ્યાતનામ ભાગવતાચાર્ય, ગુજરાત યુનિવર્સિટી સર્ટિફાઈડ જયોતિષાચાર્ય તેમજ વાસ્તુ શાસ્ત્રી શાસ્ત્રી શ્રી અંકુરભાઈ રાવળ પોતાની ઓજસ્વી અને મધુર વાણીથી હરિભક્તોને ભાગવત કથાનાગૂઢ રહસ્યો અને ભક્તિભાવનું અમૃતપાન કરાવશે.

સપ્તાહ દરમિયાન ઉજવાનારા મુખ્ય ધાર્મિક ઉત્સવોની રૂપરેખાઃ

૧૪-૧૧-૨૦૨૬ (શનિવાર): ભવ્ય પોથી યાત્રા (સાંજે ૪:૦૦ કલાકે), ૧૬-૧૧-૨૦૨૬ (સોમવાર): શ્રી નૃસિંહ પ્રાગટય મહોત્સવ (સાંજે ૬:૦૦ કલાકે), ૧૭-૧૧-૨૦૨૬ (મંગળવાર): શ્રી વામન પ્રાગટય (સવારે ૧૦:૦૦ કલાકે), શ્રી રામ જન્મોત્સવ (બપોરે ૧૨:૦૦



કલાકે) તેમજ શ્રી નંદ મહોત્સવ / શ્રીકૃષ્ણ જન્મોત્સવ (સાંજે ૬:૦૦ કલાકે), ૧૮-૧૧-૨૦૨૬ (બુધવાર): શ્રી ગોવર્ધન લીલા / અન્નકૂટ ઉત્સવ (સાંજે ૬:૩૦ કલાકે), ૧૯-૧૧-૨૦૨૬ (ગુરૂવાર): ભવ્ય શ્રી રૂક્ષ્મણી વિવાહ મહોત્સવ (સાંજે ૬:૦૦ કલાકે), ૨૦-૧૧-૨૦૨૬ (શુક્રવાર): શ્રી નારાયણ હવન (સવારે ૮:૦૦ થી ૧૦:૩૦), સુદામા ચરિત્ર (સવારે ૧૧:૦૦ કલાકે) તેમજ બપોરે ૨:૦૦ કલાકે કથા વિરામ, કળિયુગમાં જીવમાત્રના કલ્યાણ અને પિતૃ શાંતિ અર્થે વહેનારી આ દિવ્ય જ્ઞાનગંગાનો લાભ લેવા માટે આયોજક સ્વ. પુરૂષોતમભાઈ લવજીભાઈ જાની પરિવાર તથા સમગ્ર જાની પરિવાર (અમરેલી) દ્વારા સર્વે ધર્મપ્રેમી જનતા તથા હરિભક્તોને સહપરિવાર પધારવા ભાવભર્યું જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

હંગામી ફટાકડા લાયસન્સ મામલે ફાયર વિભાગ હરકતમાં

સાવરકુંડલામાં ૩૨ અરજીઓનું સ્થળ ઇન્સ્પેક્શન પૂર્ણ, પ્રાંત અધિકારીને સોંપાશે રિપોર્ટ

ફાયર સેફટીની તમામ પૂર્તતા બાદ જ લાયસન્સ આપવા અંગે લેવાશે અંતિમ નિર્ણય



સાવરકુંડલા, તા. ૪

દિવાળીનાં તહેવારોને અનુલક્ષીને સાવરકુંડલા શહેરમાં ફટાકડાનાં વેચાણ માટે માંગવામાં આવેલી હંગામી પરવાનગીઓ મામલે વહીવટી તંત્ર અને ફાયર વિભાગ સક્રિય બન્યું છે. પ્રાંત કચેરી, સાવરકુંડલાની સૂચના મુજબ ફાયર વિભાગ દ્વારા શહેરમાં આવેલી ૩૨ અરજીઓનું સ્થળ ઈન્સ્પેકશન હાથ ધરવામાં આવ્યું છે.

આ અંગે અમરેલી જિલ્લા ઈન્ચાર્જ ફાયર ઓફિસર એચ.પી. સરતેજાએ સત્તાવાર વિગતો આપતાં જણાવ્યું હતું કે, પ્રાંત અધિકારી સાવરકુંડલાની સૂચના અનુસાર હંગામી ફટાકડા લાયસન્સનાં ઈન્સ્પેકશન અર્થે ટીમ સાવરકુંડલા પહોંચી હતી. ફટાકડા સ્ટોલધારકો દ્વારા કરવામાં આવેલી અરજીઓના આધારે સ્થળ તપાસ કરવામાં આવી છે. સ્થળ પર આગ સામે સુરક્ષા માટે કયા કયા ફાયર સેફટીનાં સાધનો હોવા જરૂરી છે અને કઈ કઈ બાબતોની પૂર્તતા કરવી અનિવાર્ય છે, તેનું ઝીણવટભર્યું નિરીક્ષણ કરવામાં આવ્યું છે.

ઈન્ચાર્જ ફાયર ઓફિસરે વધુમાં જણાવ્યું કે, સાવરકુંડલા સીટીમાંથી હંગામી લાયસન્સ મેળવવા માટે કુલ ૩૨ જેટલી અરજીઓ પ્રાપ્ત થઈ છે. જે પૈકી ૨૦ સ્ટોલ માટે એક જ ચોક્કસ સ્થળ નિયત કરવામાં આવ્યું છે, જયારે બાકીની ૧૨ જેટલી અરજીઓ છૂટક અને અન્ય વિસ્તારોની છે. આ તમામ સ્થળોનું ઈન્સ્પેકશન પૂર્ણ કરી લેવામાં આવ્યું છે. ફાયર સેફટીનાં નિયમો અને ધોરણોનું પાલન થાય છે કે નહીં તે અંગેનો વિગતવાર અભિપ્રાય અહેવાલ હવે પ્રાંત અધિકારી સાવરકુંડલા સમક્ષ રજૂ કરવામાં આવશે. ફાયર વિભાગનાં આ અભિપ્રાય રિપોર્ટ બાદ જ નિયમ મુજબ લાયસન્સ આપવાની આગળની સત્તાવાર કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

ગાળો બોલવાનાં મુદ્દે શરૂ થયેલો વિવાદ ઉગ્ર બન્યો

ગીરગઢડાનાં જામવાળા ગામે બસ સ્ટેશન ખાતે બે જૂથો વચ્ચે બબાલ, લાકડી અને ઢીકાપાટુથી મારામારી

બંને પક્ષે સામસામે ફરિયાદ નોંધાવી, એક વ્યક્તિને માથામાં ટાંકા આવ્યા

ઉના, તા. ૪

ગીર સોમનાથ જિલ્લાનાં ગીરગઢડા તાલુકાનાં જામવાળા ગામે બસ સ્ટેશન ખાતે ગાળો બોલવાના મુદ્દે બે જૂથો વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ મારામારીની ઘટના સામે આવી છે. આ ઘટનામાં બંને પક્ષનાં સભ્યો સામસામે આવી જતાં લાકડી વડે મારામારી તેમજ ઢીકાપાટુનો માર મારવામાં આવ્યો હોવાની ફરિયાદો નોંધાઈ છે. બનાવમાં એક વ્યક્તિને માથાનાં ભાગે ઈજા થતાં ટાંકા લેવા પડયા હતા, જયારે અન્ય લોકોને પણ ઈજાઓ પહોંચી હતી. સમગ્ર મામલે ગીરગઢડા પોલીસ સ્ટેશનમાં બંને પક્ષે સામસામે ફરિયાદ નોંધાવી છે.

પ્રથમ પક્ષની ફરિયાદ મુજબ પાંચ વ્યક્તિઓ સામે ગુનો

જામવાળા ગામનાં કંસારિયા વિસ્તારમાં રહેતા હેતલબેન નરેશભાઈ ડુંગરિયાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, તા. ૩ નવેમ્બર ૨૦૨૬નાં રોજ સાંજનાં આશરે સાત વાગ્યાનાં અરસામાં તેમના સસરા જેરામભાઈ ઘરે આવ્યા હતા અને ગામના બસ સ્ટેશન પાસેથી પસાર થતા ચતુરભાઈ ચિનાભાઈ ડુબાણીયાએ તેમને ગાળો આપી હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ તેમના પતિ નરેશભાઈએ પણ બસ સ્ટેશન ખાતે ચતુરભાઈ દ્વારા ગાળો આપવામાં આવી હોવાની વાત કરી હતી.

આથી હેતલબેન, તેમના સાસુ કંચનબેન અને જેઠાણી વિમળાબેન સાથે બસ સ્ટેશન ખાતે પહોંચ્યાં હતાં. ત્યાં ચતુરભાઈને ગાળો આપવાનું કારણ પૂછતાં તેઓ ઉશ્કેરાઈ ગયા હતા અને ત્રણેય મહિલાઓ સાથે બોલાચાલી કરી ગાળો આપવા લાગ્યા હતા. દરમિયાન પાછળથી અશોકભાઈ ચિનાભાઈ, ચિનાભાઈ ડુબાણીયા અને ધનીબેન ચિનાભાઈ લાકડીઓ લઈને આવ્યા હતા અને મહિલાઓને લાકડી વડે માર માર્યો હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે.

બૂમાબૂમ થતાં જેરામભાઈ ત્યાં પહોંચ્યા હતા, ત્યારે તેમને પણ લાકડીઓ વડે માર મારવામાં આવ્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. ત્યારબાદ સાગરભાઈ ચિનાભાઈ પણ લાકડી લઈને આવ્યા હતા અને જેરામભાઈને માર માર્યો હતો. ધનીબેને કંચનબેનને ઢીકાપાટુનો માર મારી ધક્કો મારતાં તેઓ નીચે પડી ગયાં હતાં.

ઘટના દરમિયાન જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હોવાનો પણ ફરિયાદમાં ઉલ્લેખ છે. ઈજાગ્રસ્ત કંચનબેન, જેરામભાઈ અને વિમળાબેનને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. હેતલબેન અને અન્ય લોકો ૧૧૨ પોલીસ વાહન મારફતે ગીરગઢડા સરકારી હોસ્પિટલ પહોંચ્યાં હતાં.

આ ફરિયાદનાં આધારે પોલીસે ચતુરભાઈ ચનાભાઈ ડુબાણીયા, અશોકભાઈ ચનાભાઈ ડુબાણીયા, ચિનાભાઈ ડુબાણીયા, ધનીબેન ચિનાભાઈ ડુબાણીયા અને સાગરભાઈ ચિનાભાઈ ડુબાણીયા સામે ફરિયાદ નોંધી છે. આ તમામ જામવાળાનાં કંસારિયા વિસ્તારમાં રહેતા હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

બીજા પક્ષે પણ પાંચ વ્યક્તિઓ સામે સામસામી ફરિયાદ

બીજી તરફ જામવાળાનાં કંસારિયા વિસ્તારમાં રહેતા ચતુરભાઈ ચિનાભાઈ ડુબાણીયા (ઉંમર ૩૨)એ પણ ગીરગઢડા પોલીસ સ્ટેશનમાં સામસામી ફરિયાદ નોંધાવી છે.

ચતુરભાઈની ફરિયાદ મુજબ, તા. ૩ નવેમ્બર ૨૦૨૬નાં રોજ રાત્રે આશરે સાડા સાત વાગ્યે તેઓ જામવાળા ગામના બસ સ્ટેશન ખાતે બેઠા હતા. તે દરમિયાન જેરામભાઈ ટપુભાઈ ડુંગરીયા ત્યાં આવ્યા હતા અને તેમની સાથે બોલાચાલી કરી ગાળો આપીને જતા રહ્યા હતા. ત્યારબાદ જેરામભાઈનાં પત્ની કંચનબેન, વિમળાબેન અને હેતલબેન ત્યાં આવ્યાં હતાં અને તેમની સાથે બોલાચાલી કરી ગાળો આપવા લાગ્યાં હતાં.

થોડીવાર બાદ જેરામભાઈ અને કાજલબેન પણ ત્યાં પહોંચ્યાં હતાં. ચતુરભાઈની ફરિયાદ મુજબ, જેરામભાઈ હાથમાં લાકડી લઈને આવ્યા હતા અને તેમના માથાનાં જમણા ભાગે લાકડીનો ઘા માર્યો હતો. જેના કારણે માથામાંથી લોહી નીકળવા લાગ્યું હતું. ત્યારબાદ હેતલબેન, વિમળાબેન, કંચનબેન, જેરામભાઈ અને કાજલબેને ભેગા મળી ઢીકાપાટુનો માર માર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

બૂમાબૂમ થતાં રામભાઈ વડવાતર સહિતનાં લોકો ત્યાં આવી પહોંચ્યા હતા અને તેમને વધુ મારમાંથી છોડાવ્યા હતા. ત્યારબાદ સગા સંબંધીઓ તેમને ખાનગી વાહનમાં કોડીનારની રા.ના.વાળા હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ ગયા હતા. જયાં ફરજ પરના તબીબે માથાનાં જમણા ભાગે ટાંકા લીધા હતા અને સારવાર આપી હતી. ત્યારબાદ ચતુરભાઈએ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

આ ફરિયાદનાં આધારે જેરામભાઈ ટપુભાઈ ડુંગરીયા, કંચનબેન જેરામભાઈ ડુંગરીયા, વિમળાબેન વિજયભાઈ ડુંગરીયા, હેતલબેન નરેશભાઈ ડુંગરીયા અને કાજલબેન વિજયભાઈ ડુંગરીયા સામે ફરિયાદ નોંધાઈ છે.

પોલીસે બંને પક્ષની ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી

જામવાળા ગામના બસ સ્ટેશન ખાતે બનેલી આ ઘટનામાં એક જ વિવાદને લઈને બંને પક્ષે એકબીજા સામે મારામારી, ગાળો આપવા અને જાનથી મારી નાખવાની ધમકી આપવાના આક્ષેપો કર્યા છે. પોલીસે બંને પક્ષની ફરિયાદનાં આધારે ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો તથા હથિયારબંધી જાહેરનામાના ભંગ બદલ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જામવાળા ગામના જાહેર બસ સ્ટેશન ખાતે બનેલી આ સામસામી મારામારીની ઘટનાને પગલે પંથકમાં ચર્ચા જાગી છે.

વિદ્યાર્થીઓ, ખેડૂતો, મહિલાઓનાં હિતમાં

બાબરા પંથકનાં ઈસાપર, ઘુઘરાળા સહિતનાં ૮ ગામોમાં એસ.ટી.બસ સેવા શરૂ કરો

જિલ્લા પંચાયતનાં સદસ્ય મીનાબેન કોઠીવાલની રજૂઆત

બાબરા, તા. ૪

બાબરા તાલુકાનાં અનેક ગામોમાં પૂરતી એસ.ટી. બસ સેવા ઉપલબ્ધ ન હોવાના કારણે ગ્રામજનોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ત્યારે આ સમસ્યાના કાયમી ઉકેલ માટે જિલ્લા પંચાયતના સભ્ય મિનાબેન પ્રભાતભાઈ કોઠીવાળ દ્વારા રાજયના વાહન વ્યવહાર મંત્રી હર્ષભાઈ સંઘવીને લેખિત રજૂઆત કરવામાં આવી છે.

રજૂઆતમાં બાબરા તાલુકાનાં ઈસાપર, ઘુઘરાળા, ગમા પીપળીયા, ખંભાળા, ત્રંબોડા, મીયા ખીજડીયા, નડાળા, રાણપર અને લોનકોટડા સહિતનાં ગામોમાંથી તાલુકા મથક બાબરા તેમજ જિલ્લા મથક અમરેલી સુધી જવા માટે યોગ્ય એસ.ટી. બસ સેવા ઉપલબ્ધ ન હોવાનું



જણાવવામાં આવ્યું છે.

આ ગામોમાંથી વિદ્યાર્થીઓને અભ્યાસ માટે, નોકરિયાત અને ધંધાર્થીઓને રોજગાર અર્થે, ખેડૂતોને ખેતીને લગતાં કામ માટે તેમજ મહિલાઓ અને વૃદ્ધોને વિવિધ કામકાજ માટે અવરજવર કરવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. સરકારી કામકાજ માટે તાલુકા કે જિલ્લા મથકે જવા માંગતા નાગરિકોને પણ ખાનગી વાહનોનો સહારો લેવો પડે છે, જેના કારણે સમય અને નાણાંનો વધારાનો ખર્ચ વેઠવો પડે છે.

આ સમસ્યાને ધ્યાનમાં રાખીને ઉપરોકત તમામ ગામોમાંથી બાબરા તાલુકા મથક અને અમરેલી જિલ્લા મથક સુધી નિયમિત અને યોગ્ય એસ.ટી. બસ સેવા તાત્કાલિક શરૂ કરવામાં આવે તેવી રજૂઆત પત્ર મારફતે કરવામાં આવી છે.

ગ્રામ્ય વિસ્તારના નાગરિકોને પરિવહનની સુવિધા ઉપલબ્ધ બને, વિદ્યાર્થીઓને અભ્યાસમાં પડતી મુશ્કેલીઓ દૂર થાય અને સામાન્ય જનતાને રાહત મળે તેવા હેતુથી ભીમાભાઈ કોડીવાળાએ રાજય સરકાર સમક્ષ આ પ્રશ્નને પ્રાથમિકતા આપી વહેલી તકે યોગ્ય નિર્ણય લેવા ભારપૂર્વક માંગ કરી છે.

ધારાસભ્ય જનક તળાવીયાના પ્રયાસોથી

લાઠીના ભાલવાવ - મોટીવાવડી ડામર રોડ રૂ. ૫.૫૦ કરોડના ખર્ચે મંજુર

સમગ્ર પંથકના વાહન ચાલકોમાં ખુશ છવાઈ

લાઠી, તા. ૪

લાઠી તાલુકાના ભાલવાવ ગામથી ગારીયાધાર તાલુકાના મોટી વાવડી ગામ સુધીના માર્ગ માટે વધુ એક મહત્વપૂર્ણ મંજૂરી મળી છે.

ધારાસભ્ય જનક તળાવીયાના સઘન પ્રયાસો અને અસરકારક રજૂઆતોના પરિણામે ભાલવાવથી મોટી વાવડી સુધીના નોનપ્લાન ડામર રોડ માટે અંદાજિત રૂ. ૫ કરોડ ૫૦ લાખની મંજૂરી મળતા સમગ્ર વિસ્તારના ગ્રામજનોમાં આનંદની લાગણી છવાઈ છે.

લાઠી તાલુકાના ભાલવાવ ગામથી ગારીયાધાર તાલુકાના મોટી વાવડી ગામ સુધીનો માર્ગ લાંબા સમયથી કાચો હોવાના કારણે ગ્રામજનો તથા વાહનચાલકોને અવરજવર દરમિયાન અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. ખાસ કરીને ચોમાસાની ઋતુ દરમિયાન કાચા માર્ગને કારણે રસ્તાની સ્થિતિ વધુ ખરાબ બનતી હતી અને લોકોને અવરજવરમાં ભારે હાલાકી પડતી હતી.

સ્થાનિક લોકોની આ મહત્વપૂર્ણ અને વર્ષો જૂની જરૂરિયાતને ધ્યાનમાં લઈને ધારાસભ્ય જનક તળાવીયાએ સતત રજૂઆતો અને સઘન પ્રયાસો હાથ ધર્યા હતા. જેના પરિણામે હવે ભાલવાવથી મોટી વાવડી સુધીના આ માર્ગને કાચા માર્ગમાંથી પાકા ડામર રોડમાં પરિવર્તિત કરવા માટે રૂ. ૫.૫૦ કરોડની મંજૂરી મળી છે.

સરદાર પટેલ સેવાદળ અને પાલિકાનાં સંયુક્ત ઉપક્રમે સરદાર પટેલની ૧૫૧મી જન્મજયંતીએ

જય સરદાર : અમરેલી ખાતે સરદારપ્રેમી પી.પી. સોજીત્રાની રક્તતુલા કરાઇ

સરદાર પટેલ સેવાદળ દ્વારા અમરેલી અને ચિતલ ખાતે યોજાયેલ ૪ રક્તદાન કેમ્પમાં એકત્ર થયેલ ૪૮૫ યુનિટ રક્તથી રક્તતુલા કરાઈ

જુના માર્કેટયાર્ડ ખાતે હોટેલ લોર્ડસ ઈન ખાતે યોજાયેલ ભવ્યાતીભવ્ય કાર્યક્રમમાં એસપીજીનાં રાષ્ટ્રીય અધ્યક્ષ લાલજીભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા

પાલિકા પ્રમુખ વૈશાલીબેન માંગરોળીયા, માનવ મંદિરનાં પૂ. ભક્તિરામબાપુ પણ ઉપસ્થિત રહ્યા

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા એસપીજી ગૃપનાં ભૂપતભાઈ સાવલીયા અને તેની ટીમે ભારે જહેમત ઉઠાવી



અમરેલી, તા. ૪

અમરેલી ખાતે તાજેતરમાં સરદારપ્રેમી અને સહકારી અગ્રણી પી.પી. સોજીત્રાની ભવ્યાતીભવ્ય રક્તતુલા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન અમરેલી નગરપાલિકા અને શ્રી સરદાર પટેલ સેવાદળ (એસપીજી) દ્વારા કરવામાં આવેલ હતું.

દેશની એકતાનાં પ્રતિક સરદાર પટેલની ૧૫૧મી જન્મજયંતી નિમિતે સરદાર પટેલ સેવાદળ દ્વારા અમરેલી ખાતે જુદા–જુદા ઉસ્થળોતેમજ ચિતલ ખાતે મહા રકતદાન કેમ્પનું આયોજન ૩૧ ઓકટોબરનાં રોજ કરવામાં આવેલ. જેમાં ૪૦૦થી વધુ યુનિટ રકત એકત્ર થયેલ. બાદમાં ૧લી નવેમ્બરને રવિવારે જુના માર્કેટયાર્ડ ખાતે હોટેલ લોર્ડસ ઈનમાં સરદાર પ્રેમી પી.પી. સોજીત્રાની રકતતુલા કરવામાં આવી હતી.


રકતતુલા કાર્યક્રમમાં સરદાર પટેલ સેવાદળનાં રાષ્ટ્રીય અધ્યક્ષ લાલજીભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમજ પાલિકા પ્રમુખ

અનુસંધાન પાના ૬ ઉપર

ગીર કાંઠામાં સિંહ, દીપડા બાદ હવે જળચર પ્રાણીઓ પણ આક્રમક બન્યા

ધારીનાં દુધાળા ગામની નદીમાં રહેલ મગરે આધેડને અંદર ખેંચીને મોતને ઘાટ ઉતાર્યા

ફાયર ટીમે ૨૦ મિનિટની જહેમત બાદ આધેડનો મૃતદેહ બહાર કાઢયો



અમરેલી, તા. ૪

અમરેલી જિલ્લાનાં ગીર કાંઠાનાં ધારી તાલુકામાં સિંહ, દીપડા, અજગર પછી હવે ધારીનાં દુધાળા ગામે મગરનાં હુમલાની ચકચારી ઘટના સામે આવી છે. આ ગામમાં આવેલા એક રિસોર્ટની પાછળ આવેલી નદીમાં એક જીવતા વ્યક્તિને મગર પાણીમાં ખેંચીને લઈ જતાં ભારે ચકચાર મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં અમરેલી ફાયર ઈમરજન્સી સર્વિસની ટીમ તાત્કાલિક હોડી સાથે ઘટના સ્થળે દોડી ગઈ હતી. નદીમાં મગરનો વસવાટ હોવા છતાં ફાયર ટીમે જીવના જોખમે હોડી ઉતારી માત્ર ૨૦ મિનિટની જહેમત બાદ ૪૫ વર્ષિય આધેડનો મૃતદેહ શોધી કાઢયો હતો. મગર એક જીવતા વ્યક્તિને નદીનાં પાણીમાં ખેંચી જતાં સર્જાયેલી આ ઘટનાથી દુધાળા અને આસપાસનાં પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

આ બનાવમાં સુત્રોમાંથી પ્રાપ્ત વિગતો અનુસાર, આજે બપોરે ૧૧૨ કંટ્રોલરૂમ ખાતેથી અમરેલી ફાયર કંટ્રોલરૂમને જાણ કરવામાં આવી હતી કે, ધારી તાલુકાનાં દુધાળા ગામે ગીરનાં રિસોર્ટ પાછળ આવેલી નદીમાં એક વ્યક્તિને મગર પાણીમાં ખેંચીને લઈ ગયો છે. આ ગંભીર ઘટનાની જાણ થતાં જ અમરેલી ફાયર ઈમરજન્સી સર્વિસનાં ઈનચાર્જ ફાયર ઓફિસર એચ.પી. સરતેજાની આગેવાની હેઠળ ફાયર વિભાગની ટીમ હોડી સહિત જરૂરી

અનુસંધાન પાના ૬ ઉપર

નાયબ કલેકટર ડી.જે. જાડેજાના પ્રમુખ સ્થાને

અમરેલી તાલુકા સહકારી ખરીદ-વેચાણ સંઘના બોર્ડ ઓફ ડાયરેકટરની બેઠક યોજાઈ

પ્રમુખ તરીકે જયેશ નાકરાણી અને ઉપપ્રમુખપદે દલસુખભાઈ દુધાત બિનહરિફ



અમરેલી, તા. ૪

અમરેલી જીલ્લામાં સહકારી ક્ષેત્રમાં આગવું અને મહત્વનું સ્થાન ધરાવતી સંસ્થા અમરેલી તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી. અમરેલીની સમગ્ર બોર્ડ ઓફ ડીરેકટરની ચુંટણી યોજાય હતી. જે સમગ્ર બોર્ડના સભ્યો બીનહરીફ ચુંટાય આવેલ હતા.

આજરોજ નાયબ કલેકટર ડી.જે. જાડેજાના પ્રમુખ સ્થાને પ્રમુખ

અનુસંધાન પાના ૬ ઉપર











*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Ruparelia, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)